સુંદર લક્ષ્મી.

રચી પ્રસિદ્ધ કર્તા.
જાદવરાય જોઈતારામ પટેલ.
વડનગર મધ્યે કેશીપુર નિવાસી.

અમદાવાદ.
ખાડીઆમાં ધી અમદાવાદ "સુર્યોદય" પ્રીન્ટીંગ પ્રેસમાં
મહેતા વસંતરાય છોટાલાલે છાપી
સંવત ૧૯૫૩ . સને ૧૮૯૭
કીમત ૭ આના.

પ્રસ્તાવના.

હાલના વખતમાં ઘણી ઘણી જાતના નવાં પુસ્તકો, નવલ કથાઓ, નાટકો વગેરે બહાર પડે છે. આમાં કેટલાક રાજ્ય સંબંધી કેટલાક નીતિ સંબંધી તથા વિદ્યા સંબંધીના હોય છે હાલમાં નાટકો તથા નવલ કથાઓનો લોકોને ઘણો શોખ છે.

આ પુસ્તક પુરૂષોને તેમજ સ્ત્રીઓને ઉપયોગી થાય એવી રીતે લખવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં મુખ્ય પુરૂષ સુંદરદાસ છે, તેનું લગ્ન લક્ષ્મી નામની અભણ છોડી સાથે થાય છે. આખરે તે છોડીના મા બાપ તેને ભણાવે છે. સુંદરદાસને કૃષ્ણલાલની જોડે મૈત્રી થાય છે તેની અંદર કૃષ્ણલાલની દરેક ખરાબ ચાલને માટે સુંદરદાસ ઠપકો આપે છે, અંતે તેને સારી સ્થિતિ પર આણે છે, એટલોજ આ પુસ્તકનો સાર છે.

આર્યબંધુઓ? આ પુસ્તકમાં મીઠી મીઠી વાતો લખી તમને થોડો રસ આપ્યો છે પણ મને યથાસ્થિત લાગ્યા તે તમારા દુર્ગણો ગાયા છે, તેથી આ પુસ્તક તમને કડવા ઝેર જેવું લાગશે તો પણ તે લેવા ભલામણ કરૂં છું, મારે કહેવું જોઇએ કે આમાં ભૂલો હશે પણ તે સુધારીને વાંચવા અને તે વિષે સૂચના કરવા વિદ્વાનોને વિનતિ કરવી પડશે નહિ

આ પુસ્તક રચવામાં મેં મારા જાત અનુભવ સાથે કેટલાંક ગુજરાતી પુસ્તકોની મદદ લીધી છે આ [illegible]

ખરીદ કરી તેની કદર મારા ગુર્જરભાઇઓ જાણે તેને માટે એની કિંમત યોગ્ય રીતે રાખેલી છે.

વિશેષ, આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં મેં તેનું લખાણ રા. રા. કાહાનભાઇ લક્ષ્મણને વંચાવ્યું હતું એ સાહેબે એમાંની ભૂલો સુધારી યોગ્ય સુચનાઓ આપી છે, માટે હું તેમનો આભારી થયો છું.

જાદવરાય જોઇતારામ પટેલ.

વડનગર.

અભિપ્રાય.

મેં આ પુસ્તક વાંચ્યું છે અને તેના સંબંધે મારો સારો અભિપ્રાય થયો છે. કારણ કે તેમાં એક સહજ વાર્તાની સાથે હાલની કેટલીક બદીઓનું ખંડન કરી ઉછરતા માણસોને શીખામણ આપવાનો યત્ન કરેલો છે તે આવકારને યોગ્ય છે.

લી હું છું તમારો.

મણિલાલ છબારામ ભટ

ની સલામ.

સુંદર લક્ષ્મી.

પ્રકરણ ૧ લું

વડનગરથી બે એક ગાઉને છેટે કેશીપુર નામે એક સુંદર અને મનોહર ગામ છે. તેની અંદર વાણીઆ, કણબી, મુસન, ભીલ, ઠાકરડા સિવાય બીજા માણસની વસ્તી જણાતી નથી. તે ગામની અંદર અસલ એક તળાવ હતું, તેથી ઉનાળાના દિવસોમાં લોકોને પાણી ખેંચી બળદ પાવાની ઘણી હાજા પડતી નહોતી. ગામમાં ઘર સુઘડ તથા સુખદાયક અને ગોળાકાર હતાં. તેની ઘણી ભીંતો ઇંટોથી અને બાકીની મટોડીથી ચણેલી હતી. પણ તે સઘળી ખડીથી ધોળેલી હતી. દરેક ઠેકાણે ખેતરોમાં પાણી પાવાને નીંકો ખોદેલી હતી, તેની આસપાસ થોરની વાડ કરેલી હતી, તે ઉપર ધોળાં ફુલ હતાં, કોઇ કોઇ ઠેકાણે જુદી જુદી જાતના વેલા દેખાતા હતાં. એક પાસેની ખીણમાં રાણ, આંબા આંબલી લીમડાના ઝાડ સિવાય બીજું કાંઇ જણાતું નહોતું. તેના ઉપર તીતરનાં ટોળેટોળાં બેસીને હાલાઓની

સાથે આનંદથી સંવાદ ચલાવતા હતાં. તેના અવાજથી આખુ વંન ગાજી રહેતું હતું. ત્યાં નાના પ્રકારના સુંદર ફુલ તથા સ્વાદિષ્ટ મેવા નજરે પડતા હતા.

એક દિવસ સાંજનો સમય હતો, તેથી સૂર્યનારાયણ પણ આ દુનિયાનું રાજ છોડી હમણાજ ગયા હતા એટલામાં પુનેમનો ચંદ્ર આ ગામ ઉપર પોતાનું તેજ પ્રકાશતો આવીને ખડો થયો. દૂર ઘેર જવા વાળા ખેડુતો આખા દિવસ સુધી ખેતર માં મહેનત કરી અંતે થાકેલા, બળદની પાછળ ગાડા તાંણતા, પાછા જતા હતા. સાંકડી ગલ્લીઓમાં તથા ઉજ્જડ રસ્તાઓમાં ચોરો ચુપકીથી ફરતા હતા, અને લાગ ફાવેતો પારકો માલ પોતાનો કરવાનો તેઓને ઇરાદો જણાઇ આવ તો હતો કોઇ કોઇ ઠેકાણે દુષ્ટ વંઠેલ સ્ત્રી પુરૂષો પોતાના ઘરબાર છોડી દુષ્ટ વિચારથી આમ તેમ ભટકયાં કરતાં હતાં. આ વખતે એક ઠેકાણે છ સાત માણસોનું ટોળું બેઠું હતું તેઓ બ્રાહ્મણ હોય એમ માલમ પડતું હતું, કારણ કે એક કહે કેમ? કેટલા ગાઉ ચાલ્યા છો? હું પાંચ ગાઉ ચાલ્યો છું. બીજો કહે હુંતો સરખેજ ગયો છું. ત્રીજો કહે મેંતો સા તનો તડાકો માર્યો છે. ચોથો કહે શું તમે સાત બિલાડા ખા ધા છે? એમ કહીને એક એકને ખીજવતાં હતાં, તેમાંનો એ ક બ્રાહ્મણ કહે કેમ! આ હવેલી આપણુને આપીદેતો કેવુ

બીજો કહે હું તો ખાવાએ ન માગું. ત્રીજો કહે ભાઇ તારે તો કાંઇ નથી પણ મારે તો પેટની મોટી ચિંતા છે. તું જાણે એક સો છે એટલે જયાં હોય ત્યાં પડયે ચાલે, પણ મારે ન ચાલે એમ વાતો કરતા હતા. એટલામાં તે ઘરનો ધણી ગાથે મલ મલનો ફેંટો અનેશરીર પર શાલ ઓઢી લઇ બહારના મોટા હોલમાં આવીને બેઠા. તેનો ચહેરો ઉતરી ગયેલો ને ભય ભીત થયેલો જણાતો હતો. અફીણ લીધું હોય તેમ તેની આં ખો લાલચોળ થઇગયેલી હતી. રાતે ખાધેલા પાનના બી ડાની લાલી તેના હોઠપર જેમની તેમ હતી. તે એક સારી પદવીવાળો અને વાડીવજીફા વાળો હતો. અગાઉ તેનાપિતાનું કરજ તેના ઉપર ઘણું હતું. હાલતેની પેદાસમાં કંઇપણસુમા ર નહોતો. તેથી તે પૈસાદાર થઇ ગયો હતો તેનું નામ ભગ વાનદાસ શેઠ હતું.

ભગવાનદાસ ભણેલા થોડું પણ અનુભવ અને દુનિયા દારિના પેચ સારા સમજનારા હતા તેમનાવિચાર વાણીઆ શેઠીઆ જેવા સ્વાર્થી નહોતાં, પણ પોતાનો મત પ્રવત્તાવ વામાં આગ્રહી હતા. એવા પુરૂષની જોડે જેનું પાનું પડેલું તે સ્ત્રીની ચતુરાઇમાં કંઇ બાકી હોય?

તે બન્નેનું જોડું એકબીજાના સુખમાં દિવસ નિર્ગમન કરતું હતું તેમને અન્યોન્ય ઘણી પ્રીતિ હતી સ્ત્રી ઘણી ભણે

લી તેથી પોતાના સ્વામી પ્રત્યે શું શું ધર્મ છે, તે તે સઘળું પોતે સારીપેઠે સમજતી હતી. તેથી પોતાના પતિની સેવા માં કંઇ પણ વાંધો પડેતેમ નહોતું. જેવી દીવાળી બુદ્ધિશાળીને ભણેલી હતી, તેવાજ શેઠ ભગવાનદાસ હતા. તેથી બંને ના મનમળતાં હતા. બંનેને કોઇ પણ દિવસ તકરાર થઇ હોય, અથવા તકરાર એશી ચીજ છે? તે સ્વપ્નામાંએ ભાસ્યું નહોતું. શેઠની ઉમ્મર આશરે બત્રીશેકની થઇ હતી, અને શેઠાણીની પચીશેક વરસની હતી, તોપણ હજુસુધી તેમને સંતતિનું સુખ પ્રાપ્ત થયું નહોતું. હવેપછી કદાપિ થાય, એવી આશા રાખવામાં આવતી નહોતી. કારણ કે ઉમ્મર પણ થઇ ગઇ હતી. પરણ્યે પંદર વર્ષ થઇ ગયાં, પણ સંતતિનું સુખ મળ્યું નહિ. આવા વિચારમાં નેવિચારમાં શેઠ દિવસે દિવસે સુકાતા ગયા કારણકે ઘડપણમાં કાળાંધોળાં કરી પૈસો કમાવવો તે કોને વાસ્તે? પાછળ કોઇ ભોગવનાર ન મળે, અને પિત્રાઇઓ પોતાની દોલતને માટે લઢીમરે અને પૈસો જસ કે સારા માર્ગે વપરાય એ ધારવું બીલકુલ ખોટુ હતું. ઉલટું વાપર્યાને બદલે નિંદા કરવામાં તેઓ સામેલ થાય, એવા વિચારથી તેના અંતઃકરણમાં જખમ વાગતા હોય એવું દુઃખ થતુંહતું. વળી હિંદુશાસ્ત્ર પ્રમાણે જેને પુત્ર પરિવાર નહિ તેના જીવતરને ધિક્કાર છે માટે પોતાની પા

છળ પોક મૂકનાર તથામૃત્યુ સંસ્કાર કરનાર કોઇ ન મળે, તેથી મુઆ પછી શી ગતિ થશે, એ વિષે પણ તેને ઘણો સંતાપ રહેતો હતો. માણસોને પોતાનું નામ અમ્મર રાખવને સ્વભાવિક વૃત્તિઓ હોય છે. અને તે પોતાના પુત્ર અથવા લોકોપયોગી સારા કામ કરવાથી કાયમ રહે છે.

આ પ્રમાણે શેઠ દિવસ નિર્ગમન કરતા હતા, વેપાર રોજગારમાં ચિત્ત લાગતું નહોતું. એમ કરતાં કરતાં બે ત્રણ વરસ વિત્યા નહિ એટલામાં ઇશ્વર કૃપાથી દીવાળીને ક્હાડો ચઢયો આ વખતે શેઠની ઉમ્મર પાંત્રીશ વર્ષની થઇ હતી. પણ નિરંતર શોકને લીધે જરા આવી હોય તેમ તેમના ગાલ બેસી ગયાં હતાં. અને તેના ઉપર કરચોલી વળી હતી. શરીર ઉપરનું તમામ નૂર સુકાઇજઇ ફક્ત હાડકાનો માળો હોય તેમ તેમનું શરીર દેખાતું હતું. આ હાલ થયા હતા, તેવામાં ઓચિન્તા પૂત્ર પ્રસવ્યાની ખબર મળી. તેજ દિવસે શેઠને વેપારમાં લાભ થયો, અને વળી આ ખબર સાંભળી એટલે તેના હૈયાના હર્ષનો કંઇપણ પાર રહ્યો નહિ. માણસોને પોતાના સુખમાં જે જે ખામીઓ હોય છે તે પુરીથાય ત્યારે અતિશય હર્ષ થાય તેમાં કાંઇ નવાઇ નથી. તેને રગેરગે હર્ષ વ્યાપી ગયો. પૂર્ણ ભાવથી તેણે ઇશ્વરનો ઉપકાર માન્યો અને બ્રાહ્મણોને મિષ્ટાન જમાડીને તૃપ્ત કર્યા ને વળી ઉપર દક્ષ

ખુદાન આપી સંતોષ્યા. આવા ઉમંગમાંને ઉમંગમાં શેઠનુ શરીર ઠેકાણે આવ્યું. જરાંગઇને યુવા આવી હોય તેમ શેઠનું શરીર ખીલ્યું. અને નાતજાતમાં માન મળવા લાગ્યું. કહેવત છે કે પૈસો હોયને પુત્ર થાય એટલે કોઇ ન બોલાવતા હોય, તે પણ બોલાવવા આવે.

દરરોજ શેઠની સલાહ પૂછવાને ઘણા માણસો આવતા હતા, રોજ બેચાર માણસો તો તેમના ઘરમાં બેઠાજ હોય.

આમનેઆમ છોકરો એક બે વર્ષનો થયો નહિ એટલા માં હીંડતાં આવડ્યું. તેથી તેનું નામ સુંદરદાસ પાડ્યું. સુંદરદાસને ધીમે ધીમે હીંડતાં આવડ્યુ એટલે ઘરમાંથી આમ તેમ દોટો કાઢવા લાગ્યો. દરરોજ જાત જાતના રમકડાં લઇને રમવા જાય. તે ભાગ્યા વિના ભાગ્યેજ ઘરમાં લાવે, ઘરમાં કંઇ પણ કાગળ કે છબીઓ છુટી પડી હોય તે હાથમાં લઇ ચીરીનાંખે ને રોજ નવું નવું માગે. આડોશીપાડોશીના છોકરાને ધકકો મારી, ચુંટીઓ ખણીનાસી જાય, અને લાગ કાવેતો તેના હાથમાં જે કાંઇ હોય તે લઇને નાસી જાય. તેમના મા બાપ બોલવા જાય તો જડેજ નહિ, કુતરા છોકરાને લાકડીઓ મારે, તેમના ઉપર બેસે, તેના મોં આગળ મોં, ઘાલે એમ કરતાં એક દિવસ વિયાએલી કુતરીનું બચ્ચું લઇને જતો હતો; તેવામાં કુતરી આવી ભસી એટલે તે બ

બચ્ચાંને ફેંકી દઇને નાસી ગયો.

આથી તે જરાએ બીન્યો નહિ પણ તે તો હતો તે-વોને તેવોજ રહ્યો, એક દિવસે બૈરાંઓ જમીને, તેના ઓટલે ભેગાં થઇને, વાતો કરતાં હતાં. તેવામાં સુંદરદાસે એક ઉંદરને પૂંછડીથી પકડી ને બૈરાંઓ ઉપર નાંખીને નાસા નાસ કરાવી. એવા એવા અનેક તોફાન કરીને તેના બાપને સંતાપતો. આખરે તેના પિતાએ તેને મોશાળ મોકલી દીધો.

સ્વભાવીક રીતે મોશાળમાં ભાણેજ ઉપર વધારે પ્રીતિ રાખે છે, તેમ અહીંયા ભાઇને ઘરનાં સઘળાં માણસોએ બહુ પ્યાર દેખાડયો. અહીંયા તેનું શરીર લઠ્ઠ થયું. રોવાની કે કજીઓ કરવાની ટેવ પડી નહોતી. પણ ઉછાંછળો હતો. દાદાજીના ઘરમાં ચાકર નોકર જે આવતા, તેઓ તેને રમાડવા લેતાં, તેમાં દરેકને તે લાપટો મારે, ગાલ, મુચ્છો ખેંચે અને નાનું છોકરૂં એકલું દેખે તેને ઘસડી લઇ જઇને, ધોલ મારી કાઢી મૂકે. તે ઘણોજ મસ્તીખોર નીવડયો.

એકવાર દાદરેથી પડી ગયો, પણ પ્રભુની કૃપાથી બચી ગયો. થોડું ઘણું વાગ્યું તે ચાર પાંચ દિવસમાં મ-

ટી ગયું. અહીંયા પણ ઘરની માફક ફળિયામાં જાણીતા થયા એટલે તોફાન કરવા લાગ્યા. અહીંયાં કોઇ ઠપકો દેનાર રહ્યું નહિ; તેથી લોકોની ગાયો, ભેંસોનાં પૂંછડાં ઝાલીને ખેંચે, ને તેનાં આંચળમાં દુધ દેખે તો વાછરડાની પેઠે ધાવવા મંડી જાય. ને પછી પૂંછડે થોરીઆનાં લુમખાં બાંધી નસાડી મૂકે. તેના રખવાળો ફરિયાદ કરવા માટે આવતા તેમને સમજાવવું તેના દાદાને મુશ્કેલ થઇ પડતું. આખરે થાકી ને, તેના દાદાએ તેને તેના બાપને ઘેર મોકલી દીધો. આ વખતે સુંદરદાસની ઉમ્મર પાંચ વર્ષની થઇ હતી.

સ વિદ્યા એ માણસનું રૂપ, ભુષણ અને ગુપ્ત ધન છે, ધર્મને કર્મ સમજવાનું સદવિદ્યા એ મુખ્ય સાધન છે. વિદ્યા એ આનંદ, જશ, અને સુખને આપનાર છે. વળી વિદ્યા એ ગુરૂનો ગુરૂ છે. પરદેશમાં તે શ્રેષ્ઠ મિત્ર છે. અને તે સર્વમાં શ્રેષ્ઠ છે. કારણ કે ધન પૂજાતું નથી, માટે વિદ્યા રૂપી ધન જેની પાસે છે તે માણસને બીજું ધન સેજ સાજમાં મળી આવે છે. વિદ્યા રૂપી ખજાનામાંથી ભાઇ ભાગ પાડી શકતા નથી તેમ તે શરીરે ભાર પણ કરતી નથી. બીજું ધન વાપરતાં ખૂટી જાય છે, પણ વિદ્યા રૂપી ધન જેમ જેમ વપરાય તેમ તેમ વૃદ્ધિ પામે છે, એ-

વી રીતનો વિદ્યાનો મહિમા છે. માટે દરેક માણસે પોતાની શકિત પ્રમાણે, પોતાના છોકરા છોકરીઓને પણ વિદ્યા ભણાવવી, જે માણસ છોકરાને વિદ્યા ભણાવતો નથી તે પશુ તુલ્ય છે, અને તે પોતાના છોકરાનો મનખો બગાડે છે. આ સઘળું ભગવાનદાસ સારી પેઠે જાણતા હતા અભણ અને ભણેલામાં શો ફેર છે તે પોતે સારી પેઠે સમજતાં હતા. તેથી પોતે પોતાના છોકરાને નીશાળે મૂકયે ને તેને નઠારી સોબતમાં ફરવા દેતા નહિ.

સુંદરદાસ રોજ નીશાળે જાય અને નવું નવું શીખી લાવે, જરા જરા ગુજરાતી વાંચતાં લખતાં આવડયું એટલે રોજ વાર્તાની ચોપડીઓ લઇને બેસે. કારણ કે તે વાતોનો બહુ રશીયો હતો. તેથી લાલચે લાલચે તે પોતાનો પાઠ શીખી લાવતો, ત્યારે તેની મા તેને મનોરંજક વાતો કહી સંભળાવતી, ને કહેતી કે કાલે પણ ડાહ્યો થઇને આજની પેઠે તું તારો પાઠ શીખી લાવીશ, તો બીજી સારી વાત કહીશ, તેની મા તેને ઇશકની કે અનીતિની વાત કદી કહેતી નહોતી. પણ તેનાથી સમજાય, ને તેનાં મનને રંજનકરે એવી બોધ કારક અને રશીક વાતો કહેતી.

એક દિવસ સુંદરદાસ નીશાળે જઇને આવ્યો ત્યારે

તેના પિતાએ તેને બોલાવીને પૂછયું, કેમ ? બેટા, નીશાળે જઇને આજ સુધી તું શું શું શીખી લાવ્યો ?

સુંદરદાસ—બાપા. નીશાળમાં માસ્તરે વંચકને બખતે જે જે બોધ કર્યા છે તે સઘળો મેં મારી નોંધ પોથીમાં ઉતારી લીધો છે.

ભગવાનદાસ—બેટા, ઘણા છોકરાઓ તેમની નોટમાં ઉતારી લે છે પણ નીશાળેથી ઘેર ગયા એટલે વાંચતાંજ નથી. એતો લખ્યું ન લખ્યું સૌ સરખુંજ યાદ રાખવું જોઇએ કે વર્ગમાં જે કહેવામાં આવે તે બરાબર સમજીને લખી લેવું. ને તે વારંવાર વાંચીને ધ્યાનમાં રાખવું.

સુંદરદાસ—બાપા, હું તો રોજ સાંજે આવી મારો પાઠ તપાસી જોઉં છું.

ભગવાનદાસ—લાવ, જોઉં તેં તારી નોટમાં શું શું ઉતાર્યું છે ?

સુંદરદાસે પોતાની નોટ પોતાના પિતાને આપી તેની અંદર નીચે પ્રમાણે હતું.

"બોલવામાં હમેશાં સભ્યતા રાખવી, કોઇને પુછવું હોય તો મહેરબાન સાહેબ એમ કરીને શરૂઆત કરવી"

"હરેક માણસની મર્યાદા રાખવી પોતાથી મોટા માણસ અથવા મોટા હોદ્દા વાળો હોય તેને તેના ---

પ્રમાણે માન આપવું; એટલે તે આવે ત્યારે સા મોઉભા થઇ સલામ કરી, તેનું સન્માન કરવું.

"રસ્તે કોઇ પણ ઠેકાણે જતા હોઇએ ત્યારે પણ તે-ટલીજ સભ્યતાની જરૂર છે. તમારા શેઠ કે શેઠાણી, તમા-રા ગુરૂ કે સગાંવહાલાં અથવા તમારા કરતાં વડા માણસ ને જ્યારે તમે મળો ત્યારે તમારા રીવાજ પ્રમાણે તેમને માનના શબ્દ કહેવા."

"કોઇને પણ દુઃખ દેવું નહિ, કોઇની મશ્કરી કરવી નહિ, રસ્તે ચાલતાં કદી પણ અપશબ્દ બોલવા નહિ, કો ઇને ગાળો દેવી નહિ.

"નાહના બાળકને કે ચાકરને પણ તૂંકારાથી બોલાવ વો નહિ તેને પણ માન દઇને બોલાવવાથી આપણું મ્હોં શોભે છે. તૂંકારો કરવાથી તેને કાંઇ વળગતું નથી, પણ આપણી શોભા ઘટે છે.

"કોઇ મોટો માણસ આપણને હલકુ વચન કહે તો તે સહન કરીને ચાલ્યા જવું પણ સામો જવાબ દેવો નહિ".

"સર્વની સાથે સભ્યતાથી વર્તવું અને સર્વ સાથે મા યા રાખવી અને તોછડાઇના શબ્દ બોલવા નહિ".

"તમારી વાત સાચી છે તે સાચી જણાવવાને કદી પ ણ સોગન ખાવા નહિ, મોહોલ્લામાં કે બીજે કોઇ ઠેકાણે ખરાબ શબ્દ બોલવા નહિ".

"ખરાબ સંગતમાં રહેવું નહિ, તેના કરતાં એકલા ર હેવું એ વધારે સારૂ છે"

"હમેશાં સાચુ બોલવાની ટેવ રાખવી અને કદી પણ જુઠું બોલવું નહિ"

"સભામાં મોટા લોકો બેઠા હોય ત્યાં વગર પુછે બો લ બોલવો નહિ મોટા શાથે વાદ વિવાદ કરવો નહિ"

"નીશાળમાં દરેક છોકરા એ પોતાના બીજા સોબતી સાથે સભ્યતાથી વર્તવું ને અદાવત રાખવી નહિ"

"હમેશાં શરીરની ચોખ્ખાઇ રાખવી હાથ પગ ચોહે રો ચોખ્ખો રાખવો તદન ચોખ્ખુ રહેવુ એ તંન દુરસ્તી ની સર્વથી શ્રેષ્ઠરીતછે"

"જો બીજાએ તમારા ઉપર ઉપકાર કર્યો હોય તો તમારે તેનો બદલો અવસ્ય વાળવો જોઇએ. તમારો અવગુણ કર્યો હોય તો તમારે તેનો ગુણ કરવો, પણ તે ના જેવા તમારે થવું નહિ."

"ઉઘાડે માથે અથવા અંગરખુ કોટ પહેર્યા વગર સ-ભામાં જવું નહિ, મોટા લોકો બેઠા હોય ત્યાં પડખામાં

ખુરશી ખાલી હોય, પણ તે ઉપર જઇને બેસવું નહિ. પોતાના અધિકાર પ્રમાણે બેસવું. પોતે ખુરશી ઉપર બે ઠા હઇએ અને કોઇ માન આપવા લાયક માણસ આવે તો તરતજ તેના ઉપરથી ઉઠી જઇને તે ખુરશી તેને બેસવા આપવી. ”

“વાત કરતી વખત ફક્ત આપણીજ આબરૂ જળવાય એમ નહિ. પણ સામા માણસની પણ જળવાય તેવી રીતે નમ્રતાથી અને મીઠાશથી વાત કરવી. એ પ્રમાણે જો તમે તમારા સઘળા સગા વહાલા તથા મિત્રો સાથે હળી મળીને ચાલશો, તો ખરેખર તેઓની પ્રીતિ, તમારા તરફ વધતી જશે.”

આ સઘળું વાંચી ભગવાનદાસના મનમાં ઘણી ખુશી ઉપજી અને તેણે છોકરાને પાસે બોલાવીને પુછયું શું તું આ શીખામણો માને છે ?

સુંદરદાસ...હા બાપા, તે સઘળી મેં મોઢે કરી મૂકી છે, અને દરરોજ તેજ પ્રમાણે વર્તું છું.

ભગવાનદાસ—ઠીક.

પ્રકરણ ૨ જું.

છોકરાઓની ચાલ સારી કે નઠારી થવાનો આધાર

આ બાપ ઉપર છે તેમને નીતિમાન કે અનીતિમાન તથા સુખી કે દુખી કરવા એ તમારા હાથમાં છે, કેમકે તેઓ જન્મે છે ત્યારથી તે મોટા થાય ત્યાં સુધી તમારી સંભાળ તળે રહે છે. જો તમે તમારા છોકરાના દેખતાં નઠારા શબ્દ બોલશો અથવા બે અદબ ચાલ ચાલશો તો તેઓ પણ તેવી ચાલ ચાલશે. જો તમે તમારા ચાકર નફરને ધમકાવીને કે ગાળ દઇને બોલાવશો તો તેઓ પણ તેમજ બોલાવવાના, જો તમે તેમના દેખતાં જૂઠું બોલશો અથવા કંઇ પણ ઠગાઇ રમશો તો બેશક તેઓ પણ તેમ કરતાં શીખવાનાંજ. જો તમે તમારા છોકરાંના દેખતાં વ્યસન કરશો તો પછી તે દેખી તેઓ વ્યસન કરતાં શીખશે સ્ત્રીઓ પોતાના પતિની સાથે પ્યાર અને અદબથી ન વર્તે તો તેમની છોડીઓ પણ તેવીજ થવાની. જો તમે તમારા ઘરનો કારભાર અંધેર રાખશો તો તેઓ પણ અંધેર રાખશે. જ્યારે તમે લુગડા લત્તાની જાળવણી નહિ રાખો તો તમારાં છોકરાં તો ક્યાંથીજ રાખે? તમે તમારા કુટુંબમાં સલાહ સંપથી વર્તશો નહિ તો તેઓ પણ બીજાની સાથે સલાહ સંપ રાખવાના નહિ કહેવાનું કે જેટલી ચાલ ચલગત મા બાપમાં હોય છે, તેનો ઘણોક ભાગ છોકરામાં

ઉતરે છે. મા બાપની સારી નઠારી ચાલતી છાપ તેમના બાળકના કોમળ મગજ ઉપર પડી તે ઘણીજ મહેનત અને મુશ્કેલી વગર એકાએક નીકળી શકવાની નહિં. ક રણ કે કહેવત છે કે "બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા" અને વળી "મા તેવી દીકરી ને ઠામ તેવી ઠીકરી" આ બે કહેવતો છોકરાં ઉછેરવામાં મા અને બાપ બન્નેને લાગુ પડે છે. નાનપણથીજ મા બાપો બાળકોના કોમળ મગજ ઉપર વહેમી વિચારો જેવા કે ભુત પ્રેત, ડાકેણ વીગેરેની વાતો તેમની આગળ કરી તેમને ડરાવે છે. પણ તે ખોટું છે. આગળ જતાં તે વિચારો તેમના મનમાંથી નીકળી જતાં નથી પણ વધારે સ્ફુરે છે. બાળપણથીજ તેમને નીતિની કેળવણી આપવાની ટેવ રાખવી. ને નવરાશની વેળાએ પાસે બોલાવી તેઓ ખુશી થાય, અને સમજ પડે તેવી વાતો કરવી.

તમે તમારા છોકરાનો સંસાર સુખી કરવા ઇચ્છતા હોયતો નાનપણથીજ નીશાળે મૂકવા. નીશાળે મુકવાથી છોકરાંમાં જ્ઞાનનો પ્રવેશ થાય છે; એ સઘળા માણસો જાણે છે. પણ ગરીબ જેમનો આધાર પોતે રળી લાવે ત્યારે ખાવા મળે છે, તેવા માણસો પોતાના છોકરાને ભ.

ભાગવું મૂકી દઇને કોઇ સારા ગ્રહસ્થને ઘેર ચાકરી કરવા
રહે છે, એટલે કે તે તેનું કરતો થાય. પણ એમાં મા બા
પની ભૂલ છે. જો તેઓ હમણા પોતાના ગુજરાનમાંથી
થોડું ઘણું બચાવી ભણાવે તો બેશક તેનો બદલો વળી
જાય જો તમે કષ્ટ ખમીને ભણાવશો તો કંઇ જવાનું નથી
માટે પ્રત્યેક માણસે પોતાના છોકરાને વિદ્યા અભ્યાસ ક
રાવવો.

એક દિવસ સવારમાં સુંદરદાસ ઉઠીને પોતાને મોસા
ળ જતો હતો. જે શહેરમાં તે જવાનો હતો તે શહેરની
અંદર બાગ બગીચા ઘણા હતા. તેમાંના ફુવારામાંથી જો
રથી પાણીની ધારા ઉંચે ઉછળતી હતી. બાગની અંદ
ર ગુલાબ, ચંપો મોગરો કણું એ સિવાય મગજને તર ક
રી નાંખે એવી એવી જાતના ફુલના છોડ આવી રહ્યા હતા.
તેની પાસે એક દેવાલય હતું. તે ઉપર ગોઠવેલા સોનાના કળ
શ ઝગઝગાટ મારતા હતા. શહેરમાં મોટામાં મોટું દેવળ
શહેરની બહાર દરવાજા પાસે હાટકેશ્વર મહાદેવનું હતું.
તેની અંદર વેદીઆ વેદ ભણતા હતા. અને બ્રાહ્મણો હ
મેશાં એટલા જોરથી પાઠ કરતાકે ત્યાં કાન પડયું કંઇ પણ
સંભળાતું નહોતું મહાદેવ ની પૂજા નિરંતર ચાલ્યા કરતી
હતી શહેરના માણસો એટલા બધા દર્શન કરવા આવતા હ

તા કે તે દેવળ નો ઘંટ નિરંતર વાગતો, અંટને પણ આળસુ થ વાતું કારણ મળતું નહિ સોનાના અને રૂપાના અલંકારો શા ણી ને અને સુશોભિત આભૂષણો સહીત ખમ ખમ કરતી સુંદરીઓના ટોળે ટોળાં આખો દિવસ માહાદેવનાં દર્શન કર વાસારૂ આવતી. કેટલાક લોકતો દેવળની શોભા તથા ભભ કો જોવાનેજ માટે આવતા હતા. અને ખરેખર તે દેવલ પણ તેવુંજ છે તેની વચ્ચે મોટો રંગ મંડપ છે તેની અંદર પ્રખ્યાત ચિતારાઓએ ઘણી ઉંચી જાતના ચિત્રો ચિત્રી કાઢેલાં છે. તે મહાદેવની પૂજા પહેલા સૌથી મોટામાં મોટી ગણાતી હાલમાં સર્વ ઓછું થઇગયું છે ઘણાજ થો ડા માણસો તેનીઅંદર દર્શન કરવા જાયછે તે દેવળના વિ સ્તાર ઘણો મોટોછે દેવળના બહાર નીકળ્યા કે મેટોધોરી રસ્તો હતો તેના ઉપર પાણીનો છંટકાવ થઇ રહ્યો હતો તેની સામે એક મોટું વડનુ ઝાડ હતું તે બીજા ઝાડની ડાંખ ળીઓ સાથે વિંટલાઇ ગયું હતું તે જો બીજો માણસ જુ એ તો તે ઝાડનું થડ કયું હશે તે ભાગ્યેજ માલમ પડે તે ઝાડની પાસે એક ખાડો હતો તેની અંદર એક પીપળાનું ઝાડ હતું તેની સાથે એક બીજું ઝાડ આવી રહેલું હતું તે જેમ કોઇ પુરૂષ સ્ત્રીને આલિંગન દઇને ઉભો હોય તેમ નજરે પડતું હતું તે ઝાડના મૂળિયાં અરસ પરસ

ગુંથાઈ જઇ જાણે સર્પ હોય તેમ વિંટલાયેલાં હતાં આ સઘળું નિહાળતો નિહાળતો સુંદરદાસ મોસાળ આવી પહોંચ્યો. અહીંયાં તેના દાદાએ પહેલાં જેટલોજ આવકાર દીધો. પણ હવે તેની ઉમ્મર પહેલા કરતાં બમણી થઇ હતી. તેથી અહીંયાં પણ તેના દાદાએ નીશાળે મુકયો. સુંદરદાસ રોજ નીશાળે જાય અને ત્યાં પાંચ છ ચોપડી સુધી ભણ્યો.

એક દિવસે બપોરે તેની કલાસનો છોકરો તેના દાદાના ઘર પાસે પડયો હતો. તે જોઇ તેની આસના વાસના કરવા તે દોડયો તેનું નામ કૃષ્ણલાલ હતું. તેનું મો લુગડાં સર્વે કાદવમાં ખરડાયાં હતાં. તે છોકરાની ઉમ્મર આશરે બારેક વર્ષની થઇ હતી. તેની કાંન્તિ જોઇ કોઇ એમ કહી શકે કે તે મહા પુરૂષ થવાનો છે. એ છોકરાને સુંદરદાસ પોતાના દાદાના ઘરમાં લઇ ગયો. અને તેનું મોં ધોઇ નંખાવી નવા કપડાં પહેરવા આપ્યાં ચાકર પાસે પાન સોપારી મંગાવી તેની આસનાવાસના કરવા બેઠો. આખરે કૃષ્ણલાલ શુદ્ધિમાં આવ્યો, અને સુંદરદાસને પોતાની આસના વાસના કરતો જોઇ શરમાઇ ગયો ને તેનો પોતે બહુ ઉપકાર માન્યો. જાણે તેનો મોટો આભારી થઇ ગયો હોય, તેમ તેની સાથે વાતો કરવા

લાગ્યો; પછી કૃષ્ણલાલ સુંદરદાસને પોતાને ઘેર તેડી ગયો અને ત્યાં તેનો આદર સત્કાર કરીને તેને બહુ પ્યાર બતાવ્યો તે દિવસથી બંન્ને છોકરા જ્યાં જાય ત્યાં સાથે જવા લાગ્યાં; નીશાળમાં આખો દિવસ એકઠા રહે, તેથી તેમની પ્રીતિ દિન પ્રતિ દિન વધતી ગઇ. કૃષ્ણલાલ રોજ સુંદરદાસને પોતાને ઘેર બોલાવે તેને પોતાની જોડ જમાડતો બીજી રમ્મતો ગમ્મતો તે સાથેજ કરતા, રજાના દિવસોમાં શહેરમાં, બાગમાં વગેરે ઠેકાણે બન્ને મિત્રો જોડ ફરવા જતા. કૃષ્ણલાલને મિત્ર વિના ઘડી પણ ચેન પડતું નહિ. કારણ કે ઘરમાં એકલા બેસવું અથવા સાંજના એકલા ફરવા જવું માણસને બીલકુલ ગમતું નથી, પોતાના સારા સોબતીને મળવાના મતલબથી થોડીવાર ખોટી થવાને શિયાળાની ટાઢ સહેવાની ઉનાળાનો તડકો ખમવાને અને ચોમાસામાં વરસાદથી ભીંજાવવાને જરા પણ તેઓ નાખુશ થતા નથી.

એક દિવસ નીશાળમાં રજા હતી તેથી સવારમાં સુંદરદાસ નાસ્તો પાણી કરી પોતાના મિત્રને ઘેર ગયો, અને વિવિધ વિષયોપર વાતો કરવા લાગ્યા. વાતો કરતાં કંટાળો આવવાથી કૃષ્ણલાલે કહ્યું ચાલો આપણે ગામ બહાર

૨ જંગલમાં ફરવા જઇએ.

દુનિયાના લોકોમાંથી વિશ્વાસુ જેવો જોઇએ તેવો પ્રમાણીક પણાથી વર્તે એવો હજારોમાંથી એકાદ મિત્ર મળવો ઘણો કઠણ છે. સઘળા ઘણું કરીને લીલા વનના પોપટની પેઠે પોત પોતાના સ્વાર્થના મિત્રો ઠેર ઠેર નજરે જોવામાં આવે છે, આફતની વેળાએ મદદે આવી ખડા થનારા ક્વચિતજ મળી આવે છે. ઘણા જુવાનીઆ લોકો આજકાલ જ્યાં સુધી આપણી પાસે પૈસા હોય ત્યાં સુધીજ આપણી સાથે લટપટ રાખે છે. A full purse never lacks friends. જ્યારે આપણે પાયમાલ થઇ જઇએ છીએ—એટલે આપણી દોલત ચોરથી ચોરાઇ જાય, અથવા સરકારથી જપ્ત થઇ જાય અથવા કોઇ દેવાળુ કાઢે અને આપણા પૈસા ઘલાઇ જાય એવે વખતે સઘળા મિત્રોમાંથી આપણી મદદે ભાગ્યેજ કોઇ આવે છે. માટે મિત્રની પરિક્ષા સંકટના વખતમાં થાય છે કહેવત છે કે " માથુ આપે તે મિત્ર." A friend in need is a friend indeed. વિપત્તિ પડયા વગર ખરા મિત્રની પરિક્ષા થતી નથી. કહેવત છે કે "શેરિ મિત્રો સો ગણા. તાળી મિત્ર અનેક, ભીડ પડે ભાગે નહિ, સો લાખનમે એક Prosperity brings friends, Adversity tries them."

તડકો વેઠયા વગર છાંયડાના સુખનો અનુભવ થાય નહિ ખરી ભૂખ લાગ્યા વગર અન્નનો સ્વાદ આવે નહિ, બે ચાર ગાઉ ચાલ્યા વગર ગાદીનું સુખ આવતું નથી. એવી રીતનો મિલનો મહિમા છે.

હવે બન્ને મિત્રો ફરવા નિકળ્યા. તે વખત સાંજનો હતો, તેથી હજારો માણસો સદા બજારમાં સદા કરવા ઉભેલા હતા. તેમની ગડબડ એટલી મચી હતી કે ત્યાં કાન પડયુ સંભળાય નહિ. આ સઘળું જોતાં જોતાં બન્ને મિત્રો આનંદથી આગળ ચાલતા હતા. એટલામાં પાસે એક બંગલો હતો તેના ઉપર તેમની નજર ગઇ. તેના છજા ઉપર એક સ્ત્રી ઉભેલી હતી. તેની ચામડીનો રંગ એવો તો ગોર હતો કે તેને જોઇ ગુલાબનું ફુલ પણ પોતાનું માથું નમાવે. તેની સાથે તેની ચામડી પાતળી તથા પારદર્શક હોય એમ તેના ઝીણા વસ્ત્ર ઉપરથી સફ માલમ પડતું હતું. તેની ઉમ્મર સત્તરએક વરસની હતી. તેના અવયવોનો ઘાટ એવો સુંદર તથા નાજુક હતો કે તેને પરમેશ્વરે પોતાને હાથે ઘડી હોય એમ કહી શકાય. તેની ચાલ હંસના જેવી તથા તેના બોલવામાં અમૃતના જેવી મીઠાશ હતી. ગાતી ત્યારે તેના શબ્દો ઉપર ઘણા મોહિત થઇ જતા. જ્યારે તે પોતાની વાડીમાં બેસતી ત્યાર

સઘળા છોકરા છોકરીઓ તેની આસપાસ ટોળું વળીને બે
સતા, તેને જોઇ કૃષ્ણલાલ તો બેભાન જેવા થઇ ગયા. પ
ણ પાસે પોતાનો મિત્ર હતો; તેથી કંઇ પણ બોલ્યા વગ
ર આગળ ચાલ્યો. આ હોળીમા ના દિવસો ચાલતા હતા,
તેથી ગામોમાં છોકરાઓ મોટેથી અપશબ્દો બોલીને તથા
નિર્લજ ચાળા કરીને હોળીમાને પ્રસન્ન કરવાને
પ્રયત્ન કરતા હતા. તથા મોટી ઉમ્મરના માણસો પણ
ઘણીવાર તે છોકરાઓની સાથે હોળીની બે શરમ રમત
માં શામેલ થતા, ઘણે ઠેકાણે હોળી ખેલવાને કેસુડાંના ફુ
લનો રંગ, ગુલાલ ઇત્યાદી તૈયાર કરી રાખ્યા હતા. રસ્તે
જે કોઇ માણસ જતા તેમના ઉપર ભાગ્યેજ રંગ નાંખ્યા
વિના રહેતા. ઘણે ઠેકાણે છોકરાઓ હાથમાં ગાજર લઇ
તેને કાળા કરીને ઉભેલા હતા. તેઓ સઘળા ઉપર છા
પો મારતા હતા. ત્યાં થઇને કોઇ પણ માણસ કોરો જવા
પામતો નહોતો તેથી અહીયાં બને મિત્રોને છાપો વાગી
પણ બોલ્યા વિના ચાલ્યા ગયા આંબાના ઝાડ ઉપર મોર
આવેલા હતા અને તે ઉપર કોયલ મધુર સ્વરથી વસંત
ઋતુને આદરમાન આપતી હતી.

છેવટે બન્ને મિત્રો પાછા વળ્યા રસ્તામાં છોકરાઓ-
ના નઠારા કારણ માટે તેમના મા બાપ લડતા હતા. તે

જોવાને ઉભા રહ્યા. સામ સામા બન્ને પાડોશીઓ ગાળા ગાળી અને નિર્લજ શબ્દો એક બીજાને કહેતા હતા. કોઇ વસ્તુ ખરીદ કરી ને તેમાં ઠગાયા તો તેથી ઘણા દિવસ સુધી બળ બળ થાય છે, તેમ કોઇ નઠારા માણસ સાથે લેણુ દેણુ પડયું તો એથી વધારે દહાડા જીવને સંતાપ રહે છે. પણ પાડોશી સાથે કજીઆ થાય તો તેથી હમેશ મન દિલગીર રહે છે.

આજ કાલમાં મા બાપો છોકરાઓના નજીવા કજીઆ માટે આકળા થઇને ઝેર વધારે છે. સમજુ અને મોટા છતાં આમ વઢી પડે તેમાં સારૂં ન કહેવાય એક બીજાને ધીરજથી સમજાવવાને બદલે કજીઓ કંકાસ લઇને બેસે છે. પડોશમાં કજીઆની આગ સળગાવીને લોહી બાળવું જોઇએ નહિ. જે પાડોશી કજીઆ ખોર હોયને તમારો વાંક ન હોય તો પણ તેઓની સાથે તમે તેવા થાઓછો તે છાજતું નથી. તમારે શાવાસ્તે તેના જેવા થવુંજોએ.

તમે તેને નરમ અને પ્યાર ભરેલાં વચન કહો ને તેની સાથે પ્યારથી ચાલો એટલે તે પોતાની મેળે ઠેકાણે આવશે કહેવત છે કે "કજીઆથી ગોળીનું પાણીએ નાસે" માટે જેમ બને તેમ કજીઆથી દુર રહેવું. એક દિવસે બે છોકરા એક કરડકણા કુતરા પાસે થઇને જતાં હતાં તેવામાં તે કુતરૂં

ગલા છોકરા તરફ ભસવા લાગ્યું કે તરતજ એક છોકરાએ પોતાની લાકડી તેને ચોહોડી. આથી કુતરો ઉલટો બમણો ગુસ્સે થયોને છોકરાની પાછળ દોડીને બચકું લીધું. પાછું બીજા છોકરાને કરડવા જાય છે કે તરતજ, બીજો છોકરો કંઇ પણ બોલ્યા વગર છીટ! છીટ! કહીને ચાલ્યો ગયો તેથી તેને કશું થયું નહિં એજ પ્રમાણે તમને કછઆખોર પડોશી મળ્યા હોય તો તેમને ચીહીડવ્યાંથી અથવા તેમના સામા થવાથી, તેઓ તમારી સાથે વધારે કંકાશ કરશે. માટે જો તમારે તેમને ઠેકાણે આણવા હોયતો તેમની સાથે પ્યાર અને મહોબતથી ચાલો ધીરા તથા નરમ શબ્દોથી તેમને જવાબદો જ્યારે પડોશીઓ વચ્ચે કજીઆ થાય છે ત્યારે તેમાં ઘણું કરીને તો બેઉનો વાંક હોય છે તેમાં વળી કોઇએ ઉસ્કેર્યાં કે ચીહીડવ્યાં તો બમણી સળગે છે. માટે પડોશીઓ સાથે સંપ સંપીને રહેવું સેજ સાજમાં વઢી ન પડવું થેડી ઘણી અડચણો ખમવી એજ તમારો ધર્મ છે.

સંપ વગર આબાદાનીને દોલત વધતી નથી એવું અનુભવી લોકો કહી ગયા છે તે ખરૂં છે જે કુટુંબમાં જે શહેરમાં જે દેશમાં સંપ હોય તે કુટુંબને શહેર તથા તે દેશની મોટાઇ, દોલતને કીર્તિ વધે છે. જો કોઇ કુટુંબમાં કલેશ કંકાશ કરશે તો કદી તેઓ સુખી

થનાર નથી, ને જો તેઓ કુટુંબમાં પરસ્પર સલાહ સંપ ને સંતોષથી રહેશે તો તેમની ચહડતી થવાનીજ આ કજીઓ પુરો થતાં રાતના સાત આઠ વાગી ગયા તેથી બંને મિત્રો ઉતાવળથી પોતાના ઘર તરફ કૂચ કરી આવી પહોંચ્યા.

પ્રકરણ ૩ જું

બીજે દિવસે સુંદરદાસ પોતાના ઘર તરફ જવા નિકળ્યો, ને દિવસથી બન્ને મિત્રો જુદા પડયા. રસ્તામાં સુંદરદાસને તરેહતરેહના વિચારો મનમાંથી ઉઠવાલાગ્યા- હવે સુંદરદાસની ઉમ્મર સોળ સત્તર વર્ષની થઇ હતી.તેથી તેના પિતાએ એક સારા સદગૃહસ્થની છોડી સાથે તેનો વિવાહ કર્યો. તે છોડીનું નામ લક્ષ્મી હતું. તે છોડીના મા બાપ ભણેલા હતા પણ પોતાને એકનીએક છોકરી હતી, તેથી તેઓએ તેને લાડમાં ઉછેરી મોટી કરી હતી. એ છોડીની સાથે સુંદરદાસને પરણાવવામાં આવ્યો. પરણ્યા કેડે તરતજ સ્ત્રી પોતાને ઘેર આવી તેજ દિવસે લક્ષ્મી પોતાના સ્વામીના ઓરડામાં ગઇ. સુદરદાસે પોતાની સ્ત્રી ભણેલી કે અભણ છે તેની પરિક્ષા કરવા માટે પૂછ્યું "કે કોણ? લ-

ક્ષ્મી એ જવાબ દીધો કે "તમારી સ્ત્રી" સુંદરદાસે કહ્યું સ્ત્રી કોને કહું છું? લક્ષ્મી એ પોતાના પતિને આમ બોલતા જોઇ રીસ ચઢાવીને બોલી "સ્ત્રીને ઓળખતા નહોતા ત્યારે પ રણવા શા માટે આવ્યા હતા? આવાં વચન પોતાની સ્ત્રીનાં સાંભળી સુંદરદાસ મનમાં સમજી ગયો કે આ સ્ત્રીમાં કંઇ પણ બુદ્ધિ નથી તેથી પોતાને બહુ ખેદ થયો કારણ કે પોતે ભણેલો હતો. અને પોતે જાણતો હતો કે આવા ભણેલા મા બાપની છોકરી ભણેલી હશે. પણ આ તો ઉલટું હતું.

જ્યારે પંડિતને પંડિત મળે ત્યારે સંતોષ થાય, પંડિતને જ્યારે મૂર્ખ મળે ત્યારે જેટલું દુઃખ થાય તેટલુંજ દુઃખ સુંદરદાસને થયું. લક્ષ્મીએ પોતાના પતિને આમ અબોલા જાણીને બોલાવવા માંડ્યું, ને તેનું કારણ પુછ્યું. પછી સુંદરદાસે કહ્યું કે " હું જાણતો નહોતો કે તું અભણ હઇશ " તારા માત પિતા આટલું બધું ભણેલા છતાં તને અભણ રાખીને હું આટલું ભણેલો છતાં અભણ સાથે પાનું પડ્યું, તેથી મારા મનમાં શોક ઉત્પન્ન થાય છે. તે દિવસથી લક્ષ્મી સુકાતિ ગઇ બે ચાર મહિનામાં તો મરી જાય તેવી થઇ ગઇ. જેથી સુંદરદાસે તેના મા બાપને ઘેર કાગળ લખ્યો કે તમારી છોકરીનું મોં જોવું હોય તો આવજો. પછી લક્ષ્મીના મા બાપ આવીને

લક્ષ્મીને તેડી ગયાં ત્યાં લક્ષ્મીએ માને સઘળી હકીકત કહી સંભળાવી.

આ સાંભળી મા મનમાં બહુ પસ્તાવા લાગી કે હું આટલુ ભણેલી છતાં મેં તને અભણ રાખી. તેજ દિવસથી લક્ષ્મીને શીખવવાપર માએ બહુ મહેનત કરવા માંડી લક્ષ્મીને છ સાત મહિનામાં તો સ્ત્રીને છાજતી કેળવણી માએ આપી.

છોકરી ? જો તું સાસરીયામાં આનંદથી રહીશ અને ઘરનો બોજો ઉમંગથી ઉપાડી લઇશ તો તું કદી પણ દુઃખ દેખવા પામીશ નહિ. સાસરીયામાં ઘરના નાના માણસને હમેશાં ખુશીમાં રાખવા અને મ્હોટાની આજ્ઞા કદી પણ ઉથામવી નહિ. નાનું બાળક કંઇ પણ કામ બતાવે તો તે પણ કરવું કોઇ કદી ઉંચે સાદે બોલાવે અથવા ઠપકો દે તો તેની સામે બોલવું નહિ, સ્ત્રીઓને હરકોઇ બાબતમાં મર્યાદામાં રહેવાની જરૂર છે. મર્યાદાએ સ્ત્રીની શોભા છે. કરકસર એ સ્ત્રીનું સુખ દાયક ડહાપણ છે. નમ્રતા અને સહન શીલતા એ સ્ત્રીની મહત્તા વધારનાર છે. ઘરનું કામકાજ કાળજીથી કરવું એ સ્ત્રીનું નિત્ય કર્મ છે. પતિની સેવા કરવી એ સ્ત્રીનું જીંદગીનું સાર્થક છે. સ્વચ્છતા અને સુઘડતા એ સ્ત્રીનું ડહાપણ છે. સદાચાર અને

નીતિથી વર્તવું એ સ્ત્રીનું સાચું શિયળ છે. શિયળનું સંરક્ષણ કરનારી સ્ત્રીને કોઇનો પણ ભય હોતો નથી. પ્રત્યેક સ્ત્રીને ઘર સંસાર ચતુરાઇથી ચલાવવાનો છે. દ્રવ્ય કમાવી લાવવું એ પુરૂષના હાથમાં છે. પણ એ દ્રવ્યનો યથા ઉપયોગ કરવો એ સ્ત્રીનું કામ છે. સાસરીયામાં કેવી રીતે વર્તવું તથા સઘળા ઉપર કેવો પ્રેમ રાખવો એ સઘળુ લક્ષ્મીને તેની માએ શીખવ્યું.

કર કસર એ ગુણ સ્ત્રીમાં અવશ્ય જરૂરનો છે. કર કસરનો અર્થ કંજુસાઇ નહિ. પણ વગર જરૂરનો ખર્ચ કરવો તેનું નામ કરકસર છે.

સ્ત્રીઓમાં ઉડાઉપણું તો જોઇએજ નહિ. કારણ કે ઉડાઉ સ્ત્રીઓએ ઘણા મોટા પૈસાદાર લોકોને પણ ભીખ માગતા કર્યા છે. કેટલા બધા અમીરોને અમલદારો પોતાની સ્ત્રીઓના ઉડાઉપણાથી પાયમાલ થઇ ગયા છે. ઉડાઉપણાથી ધનવાનોની આવી દશા થાય, તો પછી મધ્યમ અથવા ગરીબ સ્થિતિના લોકોમાં તો કેટલી બધી ખરાબી થાય? જે કુટુંબોમાં ઉપજ ખર્ચનો હિસાબ સ્ત્રીઓ પોતાના હાથમાં રાખે છે. તે સ્ત્રીઓ ઉડાઉ હોય તો તે કુટુંબનો અવશ્ય નાશ થવાનોજ માટે પહેલ વહેલાં ઘરનો કારભાર સોંપતાંજ સ્ત્રીમાં આ ગુણ જોવાનો અ

વશ્યનોજ છે. કારણ કે સ્ત્રીઓથી ઘણી ઉથલ પાથલ થ
ઇ છે. વળી પાપી સાથે રહેતાં પાપના છાંટાં લાગે માટે ક
પટીઓથી દુર રહેવું. પછી તો ઇશ્વર કરે તે ખરૂં. પાપી
ની સાથે પાનું પડવાથી ભલભલાને દુઃખ થાય છે. તેને લ
ગતો એક દાખલો એ છે જે (ઉજ્જન નગરીનો ભર્તુંહરિ
નામનો રાજા હતો તેને પિંગળા નામની સ્ત્રી હતી. તે
ખરાબ ચાલની હતી, તેથી ભર્તુહરિનો ભાઇ પોતાની
બદફેલીમાં નડશે એવું જણાવવાથી. પોતાના પર દ્રષ્ટિ ક
રવાનો વિક્રમપર આરોપ મૂકી રાજાને ભંભેરી વિક્રમને દ
શવટો દેવરાવ્યો. પછી એક દિવસે એક બ્રાહ્મણ અમૃત ફળ લઇ
ને આવ્યો. અને રાજાને પ્રણામ કરીને તે ફળ આપ્યું. રાજાએ
તે લઇને પોતાની સ્ત્રી પિંગળા જેને પોતે પતિવ્રતા જાણતો
હતો તેને આપ્યું. પિંગળાએ લઇને પોતાનો યાર ઘોડાવાળો
હતો તેને આપ્યું. ઘોડાવાળાએ પોતાની રાખેલી ગુણકાને
આપ્યું. પણ ગુણકાએ વિચાર્યું કે આવું ફળ રાજાને આ
પીએ તો કંઇ રાજા પાસેથી ઇનામ મળશે, એમ ધારીને
રાજાને આપ્યું. રાજાએ તે લઇને પોતે પોતાના મનમા વિ
ચાર કરવા લાગ્યો. કે જે ફળ મેં મારી પત્નિ આપ્યું
હતું તે આ છે. તે આ નીચ કુલટા ગુણકા પાસે કયાંથી
આવ્યું ? એમ ધારીને પોતે પોતાના મહેલમાં જઇને રા ણું

ણીને પૂછ્યું. અને તેના વિષે તજવીજ કરી તો રાણીએ જે જે ખેલ રચ્યા હતા, તે તે સઘળા જણાઇ આવ્યાં. આવો બનાવ બનેલો જોઇને, રાજા પોતાના મનમાં સમજ્યો, કે આ પાપિણી બદચાલની રાણીએ, ખોટો આરોપ મૂકીને મારા ભાઇને દેશવટો દેવરાવ્યો છે. અને પોતાથી આ સહન ન થવાથી પોતે પણ જોગી થઇ ગયા, ને વિક્રમ જે નિર્દોષ હતો, તેને ગાદી પાછી મળી. આને માટે કહેવત છે કે પાપ છેવટે છુપું રહેતું નથી. આ ભારે "પાપનો ઘડો ફુટયા વગર રહેતો નથી."A pitcher that oft goes to the well breaks atlast માટે આગળથી વિચારીને કામ ભરશો તો આખો જન્મારો સુખમાં જશે.

હવે લક્ષ્મીને આપણે ભુલી જવી જોઇએ નહિ. તેની માએ છોકરીએ સાસરીયામાં કેવી રીતે વર્તવું એ શીખામણ આપ્યા પછી લક્ષ્મીને તેની માએ સાસુ સસરાના કહ્યાંમાં રહેવું, તેમના ખોલ કરી પણ લોપવા નહિ. નહિ તો પછી દુષ્ટ રાણીની પેઠે થશે. લક્ષ્મીએ પૂછ્યું એ કેમ થયું. પછી તેની માએ વાત કહેવા માંડી " આપણા ગામમાં અભાણસિંહ નામનો રજપૂત રહેતો હતો. તેને રાણી નામની સ્ત્રી હતી. તે ઘણી મૂર્ખ અને દુષ્ટ સ્વભાવની હતી તે રજપૂતના મા બાપ ઘણા ઘરડા થઇ

ગયાં હતાં. તે પોતાના વૃધ્ધ મા બાપની સારી રીતે સેવા કરતો, પણ તેની સ્ત્રી રાજી પોતાના સાસુ સસરાને ગણકારતી નહિ. અને કઠોર વચન કહી કહીને દર રોજ સંતાપ્યા કરતી. પોતાના સ્વામીને તથા છોકરાંને સારૂં સારૂં ખવ ડાવે ને પોતે પણ સારૂં ખાતી પરંતુ પોતાના સાસુ સસરા જેમના શરીર ઘડપણને લીધે ઘણા ખવાઇ ગયાં હતાં તેમને લુખા બાજરીના રોટલા, એ સિવાય બીજું આપતી નહિ તે તેમનાથી પૂરો ચવાતો નહોતો કારણકે ઘડપણને લીધે તેમના દાંત પડી ગયા હતાં. તેથી ભુખને લીધે ઘણું દુઃખ પામતા હતા ને ઇશ્વર પાસે રાત દિવસ મોત માગતા હતાં કે અમને આ દુઃખમાંથી છોડવ પણ જયાંસુધી પરમેશ્વર ના ઘરની દોરી પૂરી થતી નથી ત્યાંસુધી કોઇને પણ મોત આવતું નથી. સ્ત્રીના રોજ કહેવાથી અભણસિંહ પણ પોતાના ઘરડા મા બાપ ની ખબરઅંતર લેતો નહિ ઘણા ખરા જુવાનિયા તો સ્ત્રીઓની પાસે ગુલામ બરોબર થઇ જાય છે. સ્ત્રી કહે તે કરે છે, સ્ત્રી કહેશે કે મારે ફુલાણું જોઇએ છે, તે લેવા કાજે જો ઘરમાં પૈસા નહિ હોય તો પણ ઉછીના લાવી, તેને તે લાવી આપે છે. ઘણા જુવાનિયાને જ્યાંસુધી માબાપ પરણાવતા નથી, ત્યાંસુધી કહ્યામાં રહે છે. અને સ્ત્રી ઘેર આવે છે, એટલે માબાપની ખબર

અંતરે લેતા નથી પૈસા કમાતા થાય છે, એટલે પોતે અને પોતાની સ્ત્રી સહિત જુદા રહે છે. પણ પૈસા કમાતા નથી ત્યાં સુધી માબાપ જે કહે તે સાંખી રહે છે. પણ આમાં તેમની ભૂલ છે. મા બાપે આપણને ઉછેરીને મોટાં કર્યાં અને છેવટે તેમને દુઃખ દેવું તે અયોગ્ય છે. પોતાની સ્ત્રીની ખાતર અમણસિંહ પણ પોતાના માબાપની ખબરઅંતર લેતા નહિ.

એક દિવસ લાગ મળવાથી તેની માએ તેને બોલાવીને કહ્યું કે "ભાઇ અભણ હવે અમારૂં મોત આવી ચુક્યું છે. પણ તને બે વાતો કહેવાની મારી ઇચ્છા છે. તે તું સાંભળે તો કહું, આવા માના દિન વચન સાંભળીને અભણ ગળગળિત થઇ ગયો, ને મનમાં દયા ઉત્પન્ન થઇ. અને તે બોલ્યો કે મા જે કહેવું હોય તે કહે. હું ધ્યાન દઇને સાંભળીશ તે બોલી બેટા? અમારા ઘડપણમાં અમને સુખ મળશે એવો વિચાર કરી અનેક પ્રકારના દુઃખો સહન કરી, તને પાળી પોષી અમે મોટો કર્યો. તું ખાતો પીતો થયો ત્યારે, પહેલાં તને ખવડાવતાં, ને પછી અમે ખાતા, તે તું હાલમાં એવો નિર્દય થઇ ગયો છે કે તારી સ્ત્રીની શી ખવણીથી અમારા તરફ જરાએ નજર કરતો નથી. આ સાંભળી અભણની છાતી ભરાઇ આવી અને આંખમાંથી

આંસુ ટપકવા લાગ્યાં. પછી પોતે પોતાની માને કહ્યું કે ત મને આટલું બધું દુઃખ દેછે એવું હું જાણતો નહોતો. હવે હું પોતે તમારી પાસે રહી તમારી સેવા કરીશ. એમ કહીને પોતાની સ્ત્રી પાસે ગયો અને કહ્યું કે "અરે અભાગણી, શરીર ઉપર જેટલી રૂવાંટી છે તેટલા વર્ષ સુધી મા બાપની ચાકરી કરવાથી પણ પુત્રનો ઉદ્ધાર થતો નથી. એટલું કહી પોતાના વૃદ્ધ માબાપ પાસે ગયો. અને તેમના ચાકરી તન મન અને ધન વડે સારી પેઠ કરી. તે દિવસથી રાજી પોતાના છોકરાને લઇ જુદી રહી. કેટલાક વર્ષ પછી છોકરાને પરણાવી એક કર્કશા વહુ આણી. જેવું તેનું નામ હતું, તેવાજ તે સ્ત્રીમાં ગુણ હતા. તે કર્કશા મોટી થઇ એટલે પોતાની સાસુથી જુદી રહીને તેને ઘણું દુઃખ દેવા લાગી. આ પ્રમાણે રાજી પોતાના પતિ અને છોકરાથી જુદી પડી. તેથી બહુ ગભરાવા લાગી. અને ભીખ માગી પેટ ભરવાનો વખત આવેલો જોઇ પોતાના સાસુ સસરા પાસે ગઇ, અને તેણીએ પોતાના છોકરા તથા વહુની સઘળી હકીકત કહી સંભળાવી આ હકીકત સાંભળીને સાસુ બોલી કે હે પાપિણી અમારો છોકરો જાણતો નહોતો, તેવી રીતે તેં અમને દુઃખ દેવામાં કાંઇપણ બાકી રાખી નહોતી. જેવું દુઃખ તે અમને દીધું છે તેવુંજ તું ભોગવે છે. આ પ્રમાણે

જ્યારે સાસુએ મર્મના વચન કહ્યાં ત્યારે રાજી ઘણું પસ્તાવા લાગી અને મનમાં બોલી કે સાસુ સસરાને મેં દુઃખ દેવામાં કંઇપણ બાકી રાખી નહોતી. હવે તો કર્યા કર્મના ફળ ભોગવવા પડવાના. આવો વિચાર કરી મનમાં ઘણી દુઃખી થઇ ચાલી ગઇ. તેટલા માટે કહું છું કે જે સ્ત્રી પોતાની જુવાનીમાં પોતાના સાસુ સસરાને દુઃખ દેછે તે છેવટે રાજી રજપૂતાણીની પેઠે દુઃખ પામે છે. ખોટું કામ કર્યું તે ન કર્યું થતું નથી માટે જે કરવું તે વિચાર કરીને કરવું. રીસથી કે દ્વેષથી કાંઇ ખોટું કામ ઝટ કરી દેવું નહિ કેમકે તેથી પછી ઘણો પસ્તાવો ને દુઃખ થાય છે. અહીં લક્ષ્મીને તેની માએ સ્ત્રીને જે જે સઘળું ઘટે તે તે સઘળું શીખવી દીધું. આ સઘળું શીખતાં લક્ષ્મીને એક વરસ થયું. બીજે વરસે લક્ષ્મી પોતાને ઘેર ગઇ. તે વખત સુંદરદાસ પોતાના ભાઇબંધ ઉપર કાગળ લખતો હતો કાગળ પત્ર લખવાથી દિન પ્રતિ દિન મિત્રતામાં વધારો થાય છે. પછી સુંદરદાસ પોતાના હોલમાં જ્યાં પોતાની સ્ત્રી બેઠી હતી ત્યાં આવ્યો. આ વખતે લક્ષ્મીએ પોતાના અંગપર કિમતી લુગડાં, ઘરેણાં પહેરેલાં હતાં, આંખમાં કાજળ પણ આંજેલું હતું. કપાળમાં ચાંલ્લો કરેલો હતો, તેથી વધારે મોહ પમાડે એવી દેખાતી હતી. તે ઘણી નરમાશ

વાળી હતી. પોતાના પતિને જોવાને પોતાની આંખ ચપળતાથી ચોગરદમ ફેરવતી હતી. એટલામાં સુંદરદાસ તેની પાસે આવીને ખડો થયો. લક્ષ્મીએ સ્ત્રીને છાજતા શબ્દો પોતાના પતિને કહ્યાં, તે સાંભળી સુંદરદાસની છાતી વેંત વેંત ફુલવા લાગી. અને બોલ્યો કે જ્યાં સુધી સ્ત્રી પુરૂષના મન મળતાં નથી ત્યાં સુધી સ્ત્રી પુરૂષ ગમે તેવાં મોહક છતાં પરસ્પર જરા પણ પ્રેમ ઉપજતો નથી. પણ આ વાત તમારે ધ્યાનમાં રાખવી કે નબળાં ક્રૂર, ઉડાઉ અને લફંગા પતિથી એક ભલી જુવાન સ્ત્રી. એક ખરેખર ખરાબ સ્ત્રી નિવડે છે.

જાતિ સ્વભાવ ઉપરાંત સ્ત્રીમાં વિશેષ જે કાંઇ ગુણ કે અવગુણ દાખલ થાય છે. તેનો મુખ્ય આધાર તેના પતિના સારા કે નઠારા વર્તન ઉપર રહેલો છે. ટુંકામાં કહેવાનું કે તરત પરણીને આવેલી સ્ત્રી સારી કે નઠારી થવાનો મ્હોટો આધાર તેના જુવાન પતિની ચાલ અને આ વખત ઉપર રહેલો છે.

સુંદરદાસ આ સઘળું સમજતો હતો. પણ પોતે ખરાબ ચાલનો નહોતો એટલે તેને કંઇ બીવાનું નહોતું. લક્ષ્મી પણ રોજ નવીનવી તરેહનાં ગીતજોડી પોતાના પતિને રંજન કરતી હતી. આ લક્ષ્મીના દાખલા ઉપરથી સાફ મા.

લમ પડે છે કે અવશ્ય કરીને સ્ત્રીઓને ભણાવવી જોઇએ ભણાવવાથી તેઓની બુદ્ધિ ખીલે છે અને સુધરેછે. ભણેલી સ્ત્રીઓ મૂર્ખ સ્ત્રીઓ કરતાં ઘરનું કામકાજ સારી રીતે કરે છે ઘરમાં સઘળું સાફસુફ ને ચોખ્ખું રાખે છે. મૂર્ખ સ્ત્રીઓની પેઠે, ભણેલી સ્ત્રીઓ પોતાનો વખત લોકોની નિંદા કરવામાં, ગાળો દેવામાં, ઉંઘવામાં ગાળતી નથી. પણ ઘરનું કામકાજ કરી રહ્યા પછી, શીવવામાં, ભરવામાં, ગુંથવામાં, સારા પુસ્તકો વાંચવામાં કાઢે છે. અભણ સ્ત્રીઓ ઘણી વહેમી હોય છે. તેઓ પોતાના પતિ પાસે નકામો ખર્ચ કરાવે છે. ભણેલી સ્ત્રીઓને જે વાત હલકી અને મનમાં ન લાવવા જોગ જણાય, તે અભણ સ્ત્રીને મોટી પહાડ જેવી લાગે. દાખલો વર બાપડો થાકેલો હાર્યો ઘેર આવે, ત્યારે તેની સાથે મીઠી મીઠી ને તેનું મન રંજન કરે એવી વાતો કરવાને બદલે મોઢું મોં ચઢાવીને ફુફડવા માંડે. કહેવત છે કે, “ મૂર્ખ સ્ત્રીની બુદ્ધિ પાનીએ છે.” મા બાપ પોતાની છોડીને કેળવણી આપે, તેથી મા, બાપ, છોડી અને બીજા સૌ સુખી થાય. પુરૂષમાં જેમ બુદ્ધિને વિચાર શક્તિ છે તેમ શું નથી? સ્ત્રીમાં સ્ત્રીની મનની શક્તિઓ પણ પુરૂષના જેટલીજ હોય છે. જે બુદ્ધિ એટલે મનની શક્તિઓ, પરમેશ્વરે સ્ત્રી પુરૂષને

આપેલી છે. તે ભણવાથી ખીલે છે અને સુધરે છે, ને તેથી તેઓ જ્યારે સુખી થાય છે, વળી ભણેલી સ્ત્રી હોય તે પોતે સુખી રહે છે અને બીજાને સુખી કરે છે. જેની સ્ત્રી સારી કેળવાયેલી હોય છે તે ઘણું કરીને સુખી થાય છે એવી સ્ત્રી છોકરાની સારી સંભાળ લે છે, તેમના કુમળા મગજમાં પરમેશ્વર સંબંધી સારા સારા વિચાર ઉતારી શકે છે. ને તેમને નાનપણથીજ સાચુ બોલવાની સારી ટેવ પાડે છે ને પોતાના ઘરનો હિસાબ રાખે છે. તે પોતાના પતિના ગજા પ્રમાણે ખરચ કરાવે છે ને પતિનાં કેટલાં એક કામ કરી શકે છે. ઘરમાં સંપત્તિ રહે છે. વહુ વારૂઓને પોતે દુ:ખ દેતી નથી, પોતાના સાસુ સસરાને દુ:ખ દેતી નથી, ને બીજા કોઇને દેવા દેતી નથી, પોતાના છોકરાને ખોટું ખોટું સમજાવી તેની સ્ત્રી જોડે લડાવતી નથી. પણ બેઉ વચ્ચે પ્રીતિ થાય તેવું કરે છે. માટે સ્ત્રીઓને અભણ રાખવી એ બેવકૂફી તથા ગુના ભરેલું છે. છોડીઓને ખાસુખા ભણાવવી જોઇએ. ને સ્ત્રીઓ સાથે હેત માયાથી વર્તવું જોઇએ. એવું કરવાને બદલે તેમને અભણ રાખે છે, તથા તેમને નીચને હલકાં ગણે છે, તથા એટલું દુ:ખ દે છે કે તેમના હૈયાં કઠણને દુષ્ટ થઇ જાયછે, તથા તેમનો સ્વભાવ બગડી જાય છે ને તેમનામાં કુલક્ષણ આવે છે.

આ દેશની સ્ત્રીઓ અજ્ઞાન રહે તેમાં માબાપોનો વિશે ષ વાંક છે. માબાપ તેમને ભણાવે તો તેઓ સુધરે, આજ કલ ભણેલી સ્ત્રીઓ ખરાબ ચાલ ચાલે છે એવું કોઇ પ ણ માણસના જાણવામાં થોડું જ આવ્યું હશે. પણ અભણ સ્ત્રીઓના તો સેંકડો દાખલા નજરે પડે છે. આજ કાલ-ધણીને સ્ત્રી ગમતી ન હોય તો, અથવા સ્ત્રીને ધણી ગમતો ન હોય તો, તેઓ એક એકનો છેડો ફાડી કાઢી મકવાનો ચાલ કણબીઓમાં છે. એ ચાલ ઘણોજ નીચ અને ધિક્કા રવા જોગ છે. ધણી મરી જાય તો સ્ત્રી નાતરે જાય અથવા પુનઃલગ્ન કરે એતો સારૂં પણ ધણી જીવતાં બીજા સાથે જાય છે એતો બહુજ ખોટું છે આવા ચાલ હમણાં જોત જોતાંમાં ઘણો ફેલાયો છે, આ બધું અભણ સ્ત્રીઓને લી-ધેજ થાય છે. એમ સાફ માલમ પડે છે. માટે જો છોડીઓ ના મનખો સુધારવો હોય તો ખામુખા ભણાવવી જોઇએ.

પ્રકરણ ૪ થું

સુંદરદાસ અને લક્ષ્મી બંન્ને ભણેલા હતા, તેથી બં-ન્ને જણ હમેશાં આનંદી અને ઉદ્યોગી દેખાતાં હતાં. તે

ઓ એક કલાક પણ ચિંતામાં ગાળતા નહોતા સુંદરદા
સ હમેશાં નવરાશનો વખત પોતાની સ્રીની સાથેજ ગા
ળતો. લક્ષ્મી પણ પોતાને પિયેર જવાનું કદી પણ કહે
ની નહોતી. પોતે હમેશાં પોતાનું ઘર મુકી પારકે ઘરમાં
કદી પણ જતી નહોતી. પોતે પોતાના પતિના કહ્યા પ્રમા
ણે વર્તતિ. સ્ત્રીઓ પરણ્યા કેડે પોતાની સ્વતંત્રતાનો ત્યાગ કરે
છે. પુરૂષને તાબે થાય છે. પોતે પતિની આજ્ઞા પ્રમાણે વ
ર્તે છે, ને પોતાની સઘળી માલ મિલકત પોતાના પતિને
વાપરવા દેવાને સત્તા આપે છે. અને એ બધાં કરતાં પણ
વિશેષ લક્ષમાં લેવા જેવી વાત એ છે કે તે પોતાનું શરી
ર તથા પ્રાણ પોતાના પતિને અર્પણ કરે છે. તે પોતાના
પતિને માટે ઘણો શ્રમ લે છે આટલું છતાં પણ ઘણા જુ
વાનીઆ સ્ત્રીઓ ઉપર જરાએ પ્રેમ બતાવતા નથી, એટ
લુંજ નહિ પણ ઉલટા ખરાબ ચાલ ચાલે છે
આમ બન્નેનું જોડું એક બીજાના સુખમાં દિવસ
નિર્ગમન કરતું હતું. બન્નેનું શરીર નિરોગી અને તનદુર
સ્ત હતું. શરીરને તનદુરસ્ત રાખવું, શરીરની ચામડી ચો
ખ્ખી રાખવા માટે રોજ સાબુ વતી ચોળીને નહાવું.
અને ધોએલાં કપડાં પહેરવાં, ખસ અને એવા બીજા રો
ગો ગંદા રહેવાથી થાય છે. મધ્યમ રીતે શરીરને કસરત

પણ આપવી કસરત ખુલ્લી હવામાં, વાસ્તે ફરતી કરવી. બજારમાં કે મોહોલ્લાઓમાં લોકો દોડા દોડ કરેછે. તે કસરત ન કહેવાય, કસરત તો દરવાજા બહાર સ્વચ્છ ખુલ્લી હવામાં સવારના પોહોરમાં અગર સાંજરે વનસ્પતિ ચારે બાજુએ ઉગેલી હોય તેવી જગોએ કરવી જોઇએ. ને તે પણ પોતાના બળના પ્રમાણમાં થવી જોઇએ, ગજા ઉપરાંત સરત કરવી જોઇએ નહિ. ચાલવાની અથવા ફરવાની કસરત સિવાય, સુગરૂળ, અગર બેટ બોલ, વિગેરે દોડા દોડની કસરત કરવી એ અગત્યની છે. કસરત કરતી વખતે કચ્છ અને ચદ્દી પોહેરવી જોઇએ. મોંહાડાવાટે પવન જવા દેવો નહિ. તેમ કરવાથી બળની હાનિ થાય છે. માટે મોં બંધ કરીને કસરત કરવી. કસરત કરીને તરત પાણી પીવું નહિ, કપડાં ઉતારી ઉઘાડે શરીરે પણ કસરત ઘણા લોકો કરે છે. પણ કસરત કરતી વખત સાફ ઉઘાડા થવાની કંઇ જરૂર નથી. લોકો બીજાઓને ખુલ્લી હવામાં ફરવા જવાને બોધ કરે છે. પણ તેઓ તે પ્રમાણે વર્તતા નથી એ શરમની વાત છે.

એક સાંજરે સુંદરદાસે પોતાના સગાં સંબંધીઓને જમવા તેડયા હતા, અને પોતે તેઓની સાથે ઓરડામાં રોકાએલો હતો તે વખતે તેનીસ્ત્રી લક્ષ્મી એકલી પોતા

ના ઓરડામાં બારી પાસે ખુરશી નાંખી બેઠી હતી. બારીમાંથી બાગના ચંપા, મોગરો, ગુલાબ, કણે. જાઇ, ચંબેલી, વિગેરેના ફુલ તથા ઝાડોમાંથી સુગંધી અને સ્વચ્છ હવા આવતી હતી.

બારીમાંથી દરેક લોકોના થોકે થોક જતા નજરે પડતા હતા. રાત ખુલ્લી અને નિર્મળ હતી. તારાઓનો પ્રકાશ પણ ઘણો સારો હતો. આવી આવી વિવિધ રચનાઓ તેણીએ થોડી વાર સુધી નિહાળીને જોયા પછી, બારી બંધ કરી પોતાના નાટકો વીગેરેના પુસ્તકો વાંચવા બેઠી. થોડીવાર વાંચ્યા પછી તરતજ જમવાના ઓરડામાં ગઇ, તે વખતે સઘળા જમી રહીને એક મોટા હોલમાં આવીને બેઠેલા હતા. તેની અંદર ભોંય ઉપર મોટી જાજમ પાથરેલી હતી અને તેના ઉપર સફેદ ચાદર બીછાવેલી હતી. બાજુઓ પર તકીયા મુકેલા હતા. તેવામાં ચાકરે પાનના બીડા એલચી, સોપારી, ને બીડીઓ લઇને વચ્ચે મૂકયાં. તેમાં નાના છોકરાઓ પણ બીડીઓ લઇ છાનામાના પીવાને માટે ગજવામાં ઘાલતા હતા. આ ઉપરથી સાફ માલમ પડે છે કે બીડીનું વ્યસન બહુ સાધારણ થઇ પડયું છે. અફીણ, ભાંગ, ગાંજો, માજમ અને દારૂ એ પદાર્થોનો ત્યાગ કરવા જેટલી જરૂર છે તેટ

લીજ બીડી તજવાની જરૂર છે. બીડીનું પ્રમાણ એટલા મોટા જથામાં વધી ગયું છે કે તે એક નજીવી અને સાધારણ વસ્તુ જણાયા છતાં મોટી હાનિકારક થઇ પડી છે, આજકાલ આ વ્યસનની કાંઇ મર્યાદા રહી નથી. વણાજ શોકની સાથે જણાવવું પડે છે કે બીડી ફુંકવામાં હવે ધર્મ કે નાત જાતનો કશો ભેદ રહ્યો નથી. પણ વળી વિશેષ સંતાપની વાત તો એ છે કે સાત સાત વરસના છોકરા પણ બીડીઓ ફુંકીને પોતાના કુમળાં કાળજાને બચપણથીજ બાળી નાંખતાં આપણે જોઇએ છીએ હું ધારૂંછું કે અજ્ઞાન માબાપો તો એ જોઇને આનંદ મેળવતા હશે બીડી પીવાની આજ કાલમાં એક ફેશન થઇ પડી છે. મુંબઇ જેવા શહેરમાં બીડી પીવા માટે દરરોજ હજારો દીવાસળીની પેટીઓમાં દેવતા મૂકાય છે ત્યારે બીડીની ગણત્રી લાખોની કે કરોડોની ગણવી તેનો કંઇ શુમાર કાઢી શકાતો નથી. બીચારી બીડી બાઇને સુખજ મળતું નથી, આપણા ફેશનેબલ જુવાન ભાઇઓનો મિજાજ બીડી વિના મજામાં રહી શકતો નથી. ખાતાં બીડી, પીતાં બીડી, લખતાં બીડી, વાંચતાં બીડી, પેશાબ કરતાં બીડી, પાયખાને જતાં બીડી ફુંકામાં કહેવાનું કે આજકાલમાં કોઇ માણસ આવે કે, તરતજ તેના મોં આગળ બીડીઓ મૂકાય છે. નાટ

કશાળાઓમાં બીડી પીવાની બંધીના પાટીઆ જોવામાં આવે છે. પણ તે બંધી અમલમાં આવતી હોય એમ જ ણાતું નથી. અમદાવાદમાં આ વ્યસન ઓછા પ્રમાણમાં છે તોપણ રસ્તે ચાલતાં જોઇએ છીએ તો ઘણા જુવાનીઆ ઓના મોંમાં બીડીઓ જોવામાં આવે છે. નાત જાતમાં પણ બીડી પીવાનો ઝાઝો ભેદ રહ્યો નથી. કારણ કે મુસ લમાનને એક બીડી પીતો જોઇને બ્રાહ્મણો પાંચ છ બીડી ઓ જોત જોતામાં બાળી નાંખે છે. બીડીની જોડ સોપા રી લેવાથી કાળજામાં ચાંદી પડે છે. અને દમ થઇ માણ સો મરી જાય છે. તેના દાખલા ઘણા જોવામાં આવે છે.

ઘણા લોકો એમ કહે છે કે બીડી અને તમાકુ ખા-વાથી અમને ઝાડાનો ખુલાશો થાય છે, પાચન પણ સારો થાય છે. પણ આને લીધે તો ઘણી વખતે તો ફેર અને ઉ લટી થાય છે. વળી તમાકુ ખાનાર માણસ વચ્ચે બેઠો હોય, તો તેને હર ઘડી થુ થુ કરવા ઉઠવું પડે છે, માટે તે વા માણસોને એક ખુણે જઇને બેસવું પડે છે. બીડીઓ પી-નારનું મોં સવારમાં બીડી પીધા પહેલાં જોવું કોઇને ગ મે નહિ એવું દેખાય છે, બાડીઓ અને તમાકુ જે લો કો પીએ છે ને ખાય છે, તેઓને તેના દાસ થઇને રહેવું પડે છે. એક ઘડી પણ તેના વિના તેમને ચાલતું નથી, મા

ટે બચપણથીજ તે ટેવ પાડવી નહિ. ગુજરાતી કહેવત પ્રમાણે " ખાય તેનો ખુણો પીએ તેનું ઘર સુંધે તેના લૂગડાં આ કહેવત ખરી છે કારણ કે તેના લતવાળા તેઓ દાસ થઇને રહે છે. હવે મારા મિત્રોને વિનંતી એટલીજ કે તમારામાંના ઘણા માણસો. સાહેબ લોકોની પેઠે મોંમાં ચીરૂટ રાખી રસ્તામાં ફરે છે તેઓ બે રીતે ઠપકાને પાત્ર છે, એક તો તેઓ વિદ્યાને લજવાડે છે, બીજું અભણ લોકો ભણેલા જે કરે તે સારૂં હશે એમ સમજી તેમનું અનુકરણ કરે છે. માટે તેઓએ સોથી પહેલું આ વ્યસન તજવું જોઇએ, એટલુંજ નહિ પણ જે લોકો આંધળા થઇ આ વ્યસનમાં લપટાએલા છે તેમને પણ તેનાથી દુર રાખવાની જરૂર છે.

હવે સુંદરદાસના ઘરમાં જઇએ, હવે સઘળાએ ઉઠી જવા માંડયું, તેમની સાથે સુંદરદાસ પણ થોડે સુધી મુકવા વાસ્તે સાથે ગયો, કારણ કે આપણા ઘેર કોઇ મળવા આવે છે તો તેને પોળ સુધી વળાવવા જવાનો રીવાજ પડી ગયોછે. માટે સુંદરદાસ પણ તેમની સાથે થોડે સુધી મુકવા વાસ્તે ગયો એ વખતે દોઢ પહોર રાત્રી થઇ ગઇ હતી તેથી દુકાનદારો દુકાનો બંધ કરી પોત પોતાના ઘર તરફ જતા હતા, અને આંખો દિવસ રખડેલા તેના થાકથી, ઘણા એક તો સુઇ ગયા હતા.

કેટલાએક બારીએ બેશી પડોશીઓની સાથે તડાકા માર
તા હતા. થોડે એક સુધી વળાવી સુંદરદાસ પોતાના ઘર
ભણી પાછો વળ્યો. ઘેર આવી પોતાની સ્ત્રી સાથે વાતો
કરતો હતો, એટલામાં પોતાનો મિત્ર સાંભરી આવ્યો, તે
થી પોતે એકલો જવા સારૂ પોતાની સ્ત્રીની અને પોતાના
માબાપની રજા લીધી.

પ્રકરણ. ૫ મું.

બીજે દિવસે સુંદરદાસે પોતાના મિત્રને મળવાના ઇ
રાદાથી વહેલા ઉઠી ચાલવા માંડ્યું. સવારમાં વહેલા ઉઠ
વાથી શરીરમાં ફુરતી રહે છે, અને સવારમાં જેવું કામ
થાય છે, તેવું કામ સૂર્ય ઉગ્યા પછી બરોબર થતું નથી,
માટે દરેક માણસે સવારમાં સૂર્ય ઉગ્યા પહેલા એક કલાક
વહેલા ઉઠવાની ટેવ રાખવી જોઇએ. જેને વહેલા
ઉઠવાની ટેવ નથી, તેને આ દુનિયામાં નામાંકિત
થવાની આશા રાખવી નહિ. જેને વહેલા ઉઠવાની ટેવ હો
યનહિ તેને તે ટેવ પાડતાં જોકે પ્રથમ મુસ્કેલ લાગશે, પ
ણ તે ટેવ પાડવી જોઇએ. કારણ કે કહેવત છે કે "રાતે વ
હેલા જે સુઇ વહેલા ઉઠ વીર, બળ બુદ્ધિ બહુ ધન વધે

સુખમાં રહે શરીર. Early to bed and early to rise Makes a man healthy wealthy and wise સવારમાં આંખ ઉઘડી ગયા પછી પથારીમાં પડી રહેવાની ટેવ ઘણાને હોય છે. પણ તે ટેવ સારી નથી, કારણકે જો ઉંઘી જઇએ, તો આપણને તેટલો બખ્ત આરામ મળે, ને થાક ઉતરી જાય અને કામ વધારે ત્વરાથી થઇ શકે. પણ જાગતા પડી રહેવાથી તો વ્યાધિ સિવાય બીજો કાંઇ ફાયદો થતો નથી. આ કુલક્ષણ સુંદરદાસમાં નાહોતાં. તે પોતે હમેશાં રાત્રે ૧૦ાા વાગતામાં સુઇ જતો અને સવારમાં પાંચ વાગતે ઉઠતો, તેથી તેનું શરીર તન્દુરસ્ત હતું. ચાલતાં ચાલતાં રસ્તામાં એક પટેલ મળ્યા. તેને સુંદરદાસે કહ્યું કે "પટેલ તમારે કયાં જવું છે?" ચાલો આપણે સંગાથ થશે. રસ્તો લાંબો છે માટે કાંઇ તમારા ખેડુતના ચાલ વિષે કહો તો રસ્તો કપાય.

પટેલ—અમે ખેડુત કહેવાઇએ છીએ. જેમ તેમ કરીને મહા મહેનતે અમારૂ ગુજરાન ચલાવીએ છીએ, ભાગ્યેજ અમારી પાસે રોકડ નાણું હોયછે. અમારા રહેવાનાં મકાન પણ માટીનાં હોયછે. અને તેઅું બીજો સર સામાન તો ભાગ્યેજ હોયછે. ઘણું કરીને રાંધવાનાં અને ખાવાનાં ઘરમાં વાસણો સઘળાં સફાઇ વિનાની માટીનાં હોયછે.

સુંદરદાસ—પટેલ બસ ! હવે તમારૂ નામ શું ?

પટેલ—મારૂં નામ ખુશાલદાસ પટેલ છે."

સુંદરદાસ—ખુશાલદાસ પટેલ તમારે છોકરાં છે યાં છે કે ?

ખુશાલદાસ—હા ! મારે એક છોકરો છે.

સુંદરદાસ—ખુશાલદાસ તમારા છોકરાની ઉમ્મર કેટલી છે ને તેને શો ધંધો કરાવો છો?

ખુશાલદાસ—તેની ઉમ્મર ચઉદ વરસની છે. અને તે હાલમાં અંગ્રેજી ભણે છે. મહા મહેનત કરીને મારા ગુજરાનમાંથી પૈસા બચાવીને ભણાવું છું.

સુંદરદાસ—ખુશાલદાસ આજકાલ કેટલાક વિદ્યાર્થી, ઓછું જ્ઞાન હોવાથી પોતાના માબાપનું અપમાન કરતાં વાર લગાડતાં નથી.

ખુશાલદાસ—મારો છોકરો તો કહ્યામાં રહે છે, ને હુકમ વગર બહાર પણ ચરકતો નથી, આમ વાતો કરતા ચાલતા હતા એટલામાં એક ચોરસ બાગ આગળ આવી પહોંચ્યા, તેમાં ફળ ફુળાદિનાં વૃક્ષો દ્રાક્ષ, આંબા, વિગેરે ઘણાં હતાં, બાગની અંદર પશુ પક્ષીઓનાં રંગ બેરંગી ચિત્રામણો ચિત્રેલાં હતાં. દરવાજામાં પેઠા એટલે ચારે બાજુએ ઝાડી જેવી ઝાડની ઘટા માલમ પડતી હતી. અને

વચ્ચે વચ્ચે ખરેલાં પાંદડાથી ભરપૂર પગે ચાલવાની સાંકડી
નેળો નજરે પડતી હતી. નેળોની આસપાસ જે સના વ
હેતાં નિર્મળ પાણીની ભરેલી નીકો જોવામાં આવતી હ
તી, તેમાં ચકલીઓ અને હોલાઓ ઠેકાણે ઠેકાણે ચાંચો
બોળતા અને પાંખો ફફડાવતા હતા. આ સઘળો દે
ખાવ નિહાળતા નિહાળતા વાવ આગળ આવી પહોંચ્યા.
અહિયાં એક ઘરડો ડાસો બેઠો બેઠો રૂદન કરતો હતો.
તેને સુંદરદાસે પૂછ્યું કે "તમે અહિયાં શા માટે રૂદન કરો છો?"
ત્યારે ડાસાએ જવાબ દીધો કે તમારે શા સારૂ પૂછવું પ
ડે છે! તમે તમારે રસ્તે જાઓ! મારૂં લાગ્યું હું ભોગવી
શ. એમ કહીને ખુબ પોકે પોક મુકીને રોવા લાગ્યો, આ
ત્રાસ ન સહેવાવાથી સુંદરદાસ થોડી વાર સુધી ઉભો રહીને
ફરીથી પૂછયું, ત્યારે ડાસાએ કહ્યું કે મારા કહેવાથી ત
મો વળી ગુસ્સે થશો. એમ કહી કહેવાનું શરૂ કર્યું.

જ્યારે હું જુવાન હતો ત્યારે ઘણા પાપ કરી પૈસો
એકઠો કરતો હતો મારે એક છોકરોને એક છોડી હતાં, છો
ડી મોટી હતી તેથી તેને કોઇ સારા સદ્‌ગ્રહસ્થને ઘેર પરણા
વવાનો તેમાં વળી જે વધારે નાણું આપે તેને મારી છોકરી
નો હાથ સોંપવાનો મેં નિશ્ચય કર્યો આથી છેવટે એક
ગ્રહસ્થ જડી આવ્યો, તેણે મને દશ હજાર દામ આપ્યા,

ત્યારે મેં મારી છોકરી તેની સાથે પરણાવી. પરણ્યા કેડે છોકરીને મેં સાસરે વળાવી તેજ દિવસથી છોકરી મારા ઘર તરફ જોતી નહિ. પણ ઉલટું કહેતી કે બાપ તારૂં નખોદ જજો કે મારા ઘરમાં ફુટી બદામે ખાવા ન રાખી. એમ કહીને રોજ નિશાસા નાંખતી. તેથી થોડા દિવસ ઉપર મારો એકનો એક છોકરો મરી ગયો, આટલેથીએ ન વળ્યું. પણ મારા ઘરમાંથી ચોરો સર્વસ્વ લુટી, ઘર સળગાવીને ચાલ્યા ગયા. હાય! હવે હું શું કરૂં? હું હવે કયે ભવ છૂટીશ! મેં મારી છોકરીનું ધન લીધામાં બાકી રાખી નથી. હવેતો કર્યાં કર્મનાં ફળ ભોગવવાનાં. માટે ભાઇઓ ધન લઇ કન્યાને બીજાને ઘેર આપવામાં જે માણસ દલાલી કરે છે, તે મહા પાપ કરે છે. તો જે માણસ પોતાની છોડીના પૈસા લેઇ પરણાવે છે તે માણસના પાપનું તો પૂછવુંજ શું? માટે કન્યાના પૈસા લેવા જોઇએ નહિ. અરે મારા હિંદુ ભાઇઓ તમો કન્યા દેતાં પેહેલાં વરનાં લક્ષણ ગુણ ઇત્યાદિ જોઇને કન્યા સોંપો. આટલું કહી તરતજ તે ડાસો વાવમાં પડયો. પડયો કે તરતજ તળીએ ગયો, થોડી વાર થઇ કે પાછો ઉપર આવ્યો, એટલે ખુશાલદાસે તેને કાઢવા માટે પોતાનો ફેંટો કાઢી માંહે નાંખ્યો. પણ તે તો ફરીથી તળીએ ગયો. તે હવે નિકળશે! આ દેખાવ જો

ઇ સુંદરદાસ તો હકજ બની ગયો. એકદમ તમરી ખાઇ
ભોંય ઉપર પડયો કે તરતજ ખુશાલદાસે તેની આંખો દા
બી. થોડી વાર દબાવ્યા પછી ભાન આવ્યું. એટલે ચા
લવા માંડયું.

આ શ્રાવણ મહિનો ચાલતો હતો, તેથી જગાએ જગાએ
નાના છોડવાઓ વરસાદના આવવાથી ઉગી નિકળ્યા હ
તા. જમીન ઉપર ઘાસ ઉગેલું હતું, તે જેમ એક શેત
રંજી પાથરી હોય તેની માફક માલમ પડતું હતું. વાડી
ઓમાં જાત જાતના વેલાઓના છોડ રોપવામાં આવ્યા
હતા ફુલો પણ સારાં સારાં ખુશબોદાર ઉગ્યાં હતાં. ખે
તરોમાં ચાસ પડેલા તથા કેટલાએકમાં અનાજના નાના
છોડવા ઉગેલા દેખાતા હતા. ખેડુત લોકો પણ કામમાં
ફરતા હતા. તેઓના બળદો લીલો ચારો ચરી તા
જા થયેલા તેથી ટોકરીઓનો ખણખણાટ કરતા ફ
રતા હતા. ભેંસો ઘણી મગ્ન દેખાતી હતી, અ
ને કાદવ તથા પાણીના ખાબોચિયામાં આખો દિવસ
આળોટયાં કરતી હતી. નદીઓમાં પૂર ખૂબ આવેલું
હતું અને રસ્તાઓ કીચડથી ચીકણા થઇ ગયા હતા
તેથી ગાડાં જઇ શકતાં નહોતાં. શહેરમાં રસ્તાઓ પણ
કાદવ તથા પાણીથી ગંદા દુર્ગંધવાળા થઇ ગયા

હતા. ચાલતાં ચાલતાં પટેલનું ખેતર આવ્યું તેથી પટેલે કહ્યું, ભાઇ! હવે જઇશું બોલ્યું અમારૂં ખેતર આવ્યું.

સુંદરદાસ—ખુશાલદાસ પટેલ ચાલો! ચાલો, હવે અમારૂં મકાન પણ વેગળું નથી માટે જમીને જજો.

ખુશાલદાસ—ખેતરમાં મારી રાહ જોઇને બેઠા હશે માટે જાઉં છું. મહેરબાની મહેરબાની રાખજો.

સુંદરદાસ—મહેરબાની પરમેશ્વરની. હું શી મહેરબાની રાખી શકવાનો હતો પણ લ્યો ખુશાલદાસ આ પાંચ રૂપીઆ તમારા છોકરાના ભણાવવામાં આપું છું ને આવતી વખત બનશે તો તમારા ખેતર તરફ થઇને જઇશ. આટલું કહી બંન્ને જણ છૂટા પડયા. આખરે સુંદરદાસ પોતાના મિત્રને ઘેર આવી પહોંચ્યો. આજ બંન્ને મિત્રોને મળે દોઢ વરસ થયું. તેની અંદર કૃષ્ણલાલની શી સ્થિતિ હતી તેના વિષે વિચાર કરીએ. એક દિવસ બપોરના કૃષ્ણલાલ ફરવા જવા સારૂ બુટ સાફ કરી એક મલમલનું પેરણ ગળામાં ઘાલી, તેના ઉપર જે કેટ ચઢાવી, હાથમાં સોટી લઇ, આંખે ચસ્માં ચઢાવી, ખીસ્સામાં ઘડીયાળ ઘાલી બારી આગળ આવી વિચાર કરવા લાગ્યો. હવે કયાં જઇશું? આવે વેષે કોઇ સારી જગોએ જવાય! સારી જગોએ આવા તડકા વખતે કોણ મ

ળશે પણ આહા ઠીક યાદ આવ્યું આજે સંદેશો કુવા આગળનો છે ત્યાં જઇએ, એમ નક્કી કરી નીચે ઉતરી ચાલવા માંડયું. તે કુવો ગામમાં પ્રસિદ્ધ હતો. ત્યાં આખો દિવસ પાણી ભરવા સારૂં ઉંચી જાતનાં લૂગડાં પહેરી સ્ત્રીઓ પાણી ભરવા આવતી, પણ આ વખતે તો ફક્ત બે કાવડીઆ અને એક જૂવાન સ્ત્રી શિવાય બીજું કોઇ માણસ જણાતું નહોતું. આ કાવડીઆ તે સ્ત્રીને પાણી કાઢી આપતા હતા. તેટલા માટે તેઓ જે જે કહેતા તે તે સ્ત્રી સાંખતી હતી. કારણ કે મનમાં કહેતી કે "મુઓ ફાટેલો છે." પણ હશે પાણી કહાડી આપે છે તો એનું બોલવું એના મ્હોંમાં રહેશે. બોલ્યો તેમાં શું થઇ ગયું. એ તે જીભનો રસ કયાં ઉતારે આપણું મન શુદ્ધ છે તો એવા કુતરા છો ભસે, એમ મનમાં સમજી ચાલી ગઇ. અહિયાં કૃષ્ણલાલ અડધો કલાક સુધી રાહ જોઇ ઉભો રહ્યો, પણ કોઇ આવ્યું નહિ. કુમળી ચામડી ચણ ચણતો કાળા પડી જવાય, આવા તડકામાં આપણને બનાવ્યા. પણ આપણજ મૂર્ખ કે તેણીનું કહ્યું માની, આવા તડકામાં આવ્યા. હશે કદાચ તે આવી ગઇ નહિ હોય, એમ વિચાર કરી પાછો ફર્યો. એટલામાં તે પાણીનું બેડું લઇને સામી મળી કે તરતજ કૃષ્ણ

લાલે તેનો હાથ ઝાલ્યો, પણ તે તો હાથ તર છોડી ચાલી ગઇ અને તેને ખીજવવાને અને પોતાનો કેડો હાલ આ ભરા બજારમાં છોડી દે. માટે તેના ઉપર મોં મરડયું, અને બે ચાર ગાળો ચોપડી; તેમ તેમ તો કૃષ્ણલાલ દિવાનો થતો ગયો, પોતાને ઘેર ગયો પણ ઘરમાં જરાએ ચેન પડયું નહિ. અહીં તહીં ફર્યાં કર્યું આખરે રાત્રી પડવાથી સુઇ રહેવા માટે પથારીમાં આળોટવા લાગ્યો, છેવટે ઉંઘી ગયો, કે તરતજ જાગી ઉઠયો. અને દીવાનખાનામાં અહીં તહીં ફરવા લાગ્યો, પછી એકદમ ચંચળનો આપેલો રૂમાલ કાઢી, છાતી સરસો ચાંપીને બોલ્યો, "વહાલા રૂમાલ," આજ માફક તને ભેટ કરનારને હું કયારે મારી સાથે ચાંપીશ. પ્રભુ કરે ને તે દિવસ જલદી આવે, સ્રીના પ્યારમાં ફસેલો કોઇ પણ માણસ નિરાંતે ઉંઘવા પામતો નથી. તેમ કૃષ્ણલાલને અંતે ભાગી તૂટી ઉંઘ આવી તો ખરી, પણ એટલામાં સ્વપ્નવશ થયો. તેણે ચંચળને પોતાની સાથે ગળામાં હાથ નાંખી બાગમાં ફરતી હોય તેમ જોયું. ચંચળ જાણે નીચી નજર રાખી રહી છે. અને પોતાના પ્યારના અમૃત વચનથી ચંચળના ગાલ ઉપર રતાશ ચઢી આવે છે, તે જોઇ પોતે ખુશી થાય છે. ને પૂછે છે કે

ચંચળ ? શું વિચાર કરે છે ? શું નીચે જોઇ રહી છે ? મારા બોલ તને ગમે છે શું ? કેમ બોલતી નથી, બોલની, પેલો તારો રૂમાલ મેં મારા કાળજાની કોરની પેઠે સાચવી રાખ્યો છે. આહા ! આ તારો ગુલાબી રૂમાલ પણ તારા ગાલના રંગ જેવો છે. અહીંથી બાગે ભૂલી જઇને પલંગ પર પોતે સુતો છે એવી ભ્રમણા થઇ ચંચળ પણ પાસે ઉભી છે. આવ, એમ કહી તેણીને પોતાના પલંગ પર બેસાડવા હાથ લાંબો કર્યો- એમ કરતાં પલંગની છત્રી સાથે હાથ અથડાયો કે તરતજ જાગી ઉઠયો આંખો ચોળી આજુ બાજુ જોયું, પણ કોઇ માલમ પડયું નહિ. મિથ્યા વિચાર આવ્યો એમ સમજી નિરાશ થઇને પાછો પલંગ પર આડો થયો કેટલોક વખત ગયા બાદ થાક અને શ્રમને લીધે ઉંઘ આવી, પણ તરતજ સ્વપ્ન વશ થયો, આ વખતના સ્વપ્નાએ ઓરજ રંગ દેખાડયો. બાગની દિલ ખુશ રળિયામણી જમીન પર ફરવાને બદલે પોતે એક મોટા વેરાન જંગલમાં ઉભો છે, પાસે પોતાની અતિપ્રિય ખુબસુરતમાં ખુબસુરત ચંચળ ઉભી છે, તે પ્રત્યે બોલે છે પ્રિયા ! તારો તેજસ્વી અને ખુબસુરત ચુહેરો જોઇને હું મોહિત થઇ ગયો છે. તારા સિવાય આ દુનિયામાં બીજું કંઇ નથી, તારે માટે મારી સઘળી દોલ

ત ફના કરવાને તૈયાર છું. તારે જરા પણ ધાસ્તી રાખવી નહિ. કેમ ? હું કહું છું તે સાંભળે છે કે? આ જંગલમાં આપણા બે સિવાય બીજું કોઇ નથી, માટે આપણી મરજીમાં આવે તેમ વર્તીએ, અહીં આપણને કોણ કહેનાર છે ? બોલ તારી શી મરજી છે ? પોતાની પ્રિયા પાસેથી જવાબ ન મળવાથી એકદમ ચીડાઇને બોલ્યો. શું હું કહું છું તે અફળ જાય છે? મારા બોલનો એક પણ જવાબ નહિ? શું ત્યારે તો તારી મરજી પ્રમાણે થશે ? બોલ ! બોલ ! નહિતો આ ગેરબંધ જોયો છે. અહિંયા મને કોણ રોકનાર છે! એમ કહી બે ચાર ચોહોડી દીધા. હાં ! હાં ! મારા પ્યારા આમ શામાટે મને નાહક મારોછો? હું સદા તમારી આજ્ઞાને આધીન છું. એમ કહી રડવા માંડયું. અહીં પોતાની પ્રિયાને રડતી મૂકી ચાલવા માંડયું. એટલામાં તરત જ સ્વપ્નમાંથી મુક્ત થયો. પરશેવાથી તેનું શરીર પલળી ગયું હતું. તેથી, એકદમ ઉઠી બહાર પડતાં છજામાં ખુરશી નાંખી બેઠો. આ વખતે ચાર વાગ્યા હતા તેથી રોન વાળો રોન ફરવા માટે આવ્યો હતો. તેને કૃષ્ણલાલે પૂછયું કે કોણ? “નાયક” નાયકે જવાબ દીધો હા સાહેબ ! કેમ? આજ છજામાં પધાર્યાછો. આજ તમારી તબિયત નરમ લા. ગે છે, કૃષ્ણલાલે કહ્યું હા. આ સાંભળી નાયક તરતજ

ખોંખારા કરતો ચાલ્યો ગયો. આમને આમ કૃષ્ણલાલે આ ખી રાત ચિંતામાં ગાળી. પછી એક દિવસ ચંચળ પોતાના ઘર પાસે થઇને જતી હતી તેને બોલાવીને પુછ્યું. કેમ! આજ સુધી જણાતી નહોતી. તારો ગુલાબી રૂમાલ જે તારા ગાલના રંગ જેવો છે તે મેં મારા કાળજાની કોરની પેઠે જાળવી રાખ્યો છે. હું તો તારી ખુબસુરત કાંન્તિ ઉ પર મોહિત થઇ ગયો છું રાતમાંએ તનેજ જોઉંછું. તારા પ હેલી વખતના પ્યારના શબ્દો મારા મગજમાંથી નિકળી જતા નથી. તારા મધુર અને મનોરંજક ગાયને મારૂં અં તઃકરણ કોરી નાંખ્યું છે. હવે, પ્યારી! તારા વિના જરા પણ ચેન પડતું નથી.

ચંચળ—હા! એતો સઘળું ખરૂં. પણ તમારે આ પ્ર માણે મારી પછવાડે ફરવું ન જોઇએ, તમે તેદિવસે ભર્યા બ જારમાં મારો હાથ ઝાલ્યો હતો તેમાં તમે બહુજ છોકર વાદી કરી હતી. તમારે આ રીતે વર્તવું જોઇએ નહિ.

કૃષ્ણલાલે—વારૂ પ્યારી! એમ કહી હાથ ઝાલીને કહ્યું, તારે કોઇપણ તરફની ધાસ્તી રાખવી નહિ ચાલ! ચાલી આવ મારા મકાનમાં. શું વિચાર કરેછે?

ચંચળ—તમારા જેવા નાદાન માણસની જોડે દોસ્તી કરવામાં શો માલ છે. ઉલટા ફજેત થઇએ, હજુ તમે ના

ના છો અને આવા કામ કરતાં શીખોછો, તો આગળ ક્યાં જવાનો, વળી વ્યસન પણ તમારામાં ખરાબ છે. દારૂ જેવી ખરાબ અને માણસને દરેક પ્રકારે નુકશાન કરનાર ચીજ માંએ તમે પહોંચેલા છો. તમે તમારી ઘરની સ્ત્રીને તો સુખ આપતા નથી, તો બીજીને શું આપવાના છો? તમે તમારી પરણેત સ્ત્રીની સાથે પ્યાર અને હેતથી ન વર્તો તો બીજી સાથે શું વર્તવાના છો?

કૃષ્ણલાલ—પ્યારી ચંચળ! તું આમ કેમ બોલે છે, આમ આવ વાત કહું. પણ ચંચળતો તેનું બોલવું તુચ્છ ગણી ચાલી ગઇ. કૃષ્ણલાલ મનમાં કહેવા લાગ્યો કે રાંડે આજ સુધી દિલાસો દીધો. વળી તેણીએ મને પ્યારમાં ફસાવ્યો, ને આજ નિકળી પડી. એટલુંજ નહિ. પણ ઉલટી મને શીખામણ આપેછે? એ શું મને શીખામણ આપતિ હતી? હુંજ મૂર્ખ કે આવી છટકેલ સ્ત્રીની સાથે પ્યારમાં પડયો. આવી સ્ત્રીઓની સાથે જે લોકો પ્યારમાં પડે છે તેમને ધિક્કાર છે... આજકાલ બીજી સ્ત્રીઓ પૈસાનીજ સગી હોય છે. જ્યાંસુધી આપણી પાસે પૈસો હોય છે ત્યાંસુધી આપણી સાથે પ્યાર બાંધે છે. ને સઘળું ફોસલાવીને ખાઇ જાય છે. કૃષ્ણલાલની આવી દશા થઇ હતી. એવામાં સુંદરદાસ આવીને મળ્યો. આજકાલ બન્ને મિત્રોને મળે દોઢ વરસ થ

ઇ ગયું હતું. તેથી બન્ને મિત્રોએ મોડી રાત સુધી જુદી જુદી બાબતો ઉપર વિચાર કરવા લાગ્યા. આખરે બં ન્ને જણ ઉંઘી ગયા, અડધી રાત થયા કેડે કૃષ્ણલાલ બકવા લાગ્યો, એટલામાં સુંદરદાસ જાગી ઉઠ્યો. થોડીવાર સુધી ઉભો રહી સઘળું સાંભળી લીધું. પછી કૃષ્ણલાલને ઉઠાડીને પુછયું કે " ચંચળ કોણ છે " કૃષ્ણલાલ પોતાના મિત્રના મોંએ આ સાંભળી શરમાઇ ગયો. પણ છેવટે પોતાના મિત્ર આગ ળ કહી દીધી. ન કહેવાય એવી વાત હોય તે પણ પો તાના મિત્ર આગળ કહેવામાં આવે છે. જો મિત્ર સારો હોય તો સારી સલાહ આપે છે. અને ખરાબ હોય તો ખરાબ રસ્તે દોરે છે,...... 'સુંદરદાસે સઘળો હેવાલ સાંભળી મનમાં તે ટેવ છોડાવવાનો નિશ્ચય કર્યો.

સુંદરદાસ–કૃષ્ણલાલ તમારે આ પ્રમાણે વર્તવું ન જોઇએ. તમે આવા છેકજવહિ જશો એવું મારા સ્વપ્નામાંએ નહોતું. આમ છેક વહી જવું એમાં માણસની રીત નથી, જ્યારે આપણે બીજાની વાત કરીએ ત્યારે આપણી ચાલચલગ- ત ઘણીજ ચોખ્ખી રાખવી જોઇએ. કારણ કે કેટલાકનો સ્વભાવ એવો હોય છે કે આપણામાં સારા ગુણ સો હોં- ય, પણ તે સઘળાને એક કોરે મૂકી, આપણામાં એક બે જે અવગુણ તેમને જણાતા હોય, તેને પકડી લઇ આપણું દ-

ષ્ટાંત આપી, આપણાથી બીજાને દુર રાખવાને, આંગળી દ-
ખડામણ કરે છે. વળી સજ્જનો કહી ગયા છે કે માણસના
સુકૃત કૃત્ય ઉપર પાણી ફરી વળે છે. પણ તેમના દુરાચર
ણ તો તાંબાના પતરામાં લખાઇ રહે છે. માટે આપણી
લોકમાં ફજેતી ન થાય, તેવી રીતે ચાલવું ઘણું અગત્યનું
છે. આ પ્રમાણે વાત ચિત્ત થયા કેડે બન્ને મિત્રો વહાણું
વાયાંથી સવારમાં ફરવા નિકળ્યા તે વખતે ઘણી કુલવંતી
સારા સ્વભાવની સ્ત્રીઓ ઉઠી પોતાના ઘર વાળી ઝાડી, પો
તાના સ્વામી તથા છોકરાને સુખ આપવામાં ગુંથાએલી
હતી. તેમ દુષ્ટ શંખણીઓ, બબડતી ફફડતી, છોકરાને ગા
ળો દેતી, તથા માર પછાડા કરતી, પતિને ધમકાવતી, આ
ણીગમ તેણીગમ ફરતી હતી. આળસુ, એદી, અફીણી અ-
ને ગાંજાખોર સુસ્ત લોકો બગાસાં ખાતા ઢોલિયા પર ગ
બડતા હતા. પણ ઉદ્યમી ચાલાક લોકો ઉઠી દાતણ પાણી
કરી પોત પોતાને ધંધે વળગતા હતા. દુકાનદારો
થોડા નાસ્તો કરી, લૂગડાં પહેરી, હાથમાં કુંચીઓ
ના લુમખાં લઇ દુકાને જતા હતા. કેટલાએક તો દુકાનો
ઉઘાડી, વાળી ઝાડી, તેની પૂજા કરી, માલ ગોઠવી, દુકા
ન આગળનો રસ્તો સાફ કરતા હતા. કેટલાક લોકો અં
ગ વસ્ત્ર ઓઢી, હાથમાં લોટો લઇ, શહેર બહાર જતા

હતા. શહેરની સ્ત્રીઓ પાણી ભરી માથા ઉપર બહેડાં ચ હાવી, ઘણી રમણીક ચાલથી, પોતાના ધણી, સાસુ, નણં દ વિગેરેની વાતો કરતી, અને વળી કોઇ એકલો પુરૂષ જતો હોય તેની મશ્કરી કરતી ચાલી જતી હતી. જુવા ન છટકેલી સ્ત્રીઓ પાનબાન ખાઇ ઓઠ લાલ કરી, લોકો ની દુકાનોપર નજર નાંખતી ચાલી જતી હતી. ધોરી રસ્તા ઉપર પાણીનો છંટકાવ થઇ રહ્યો હતો, દેવળોમાં પૂજા થતી હતી, આ સઘળું જોતાં જોતાં બન્ને મિત્રો એક સોનીની દુકાન આગળ આવી પહોંચ્યા, ત્યાં એક ઠા કોર પૈસાની ભીડને લીધે સોનાની હાંસડી વેચવા સારૂ સોનીની દુકાને આવ્યો હતો, અહિયાં બન્ને મિત્રો આ તમાસો જોવાને થોડે દુર ઉભા રહ્યા. સોનીએ હાંસડી લ ઇ, ઉપરથી સોનું ઉતારી, તેનું તોલ કરી ઠાકોરને કહ્યું કે આતો દોઢ તોલો થયું હવે તમારે પૈસા જોઇએ છે કે સોનું? ઠાકોરે કહ્યું ના મારે તેનું મુલ જોઇએ છે. સોની એ તેના વીસ રૂપિયા આપવા માંડ્યા. પણ પેલા ઠાકોરે કહ્યું તમે સોની લોકો હમેશાં ઠગ છો જો કદી મારે લેવું હોય છે તો, પચીશ, ત્રીસ કે એથીએ વધારે લો છો.

સોની...અલબત, અલબત તેમ નહિ કરીએ તો અમા રૂ ગુજરાન કેમ ચાલે. વીસ રૂપિયા તો ઘણા વધારે છે.

ઠાકોર—ઠીક હવે તમારૂં એ ગયું ને મારૂં એ ગયું પચી શ આપો

સોની—ના ના પચીશનો તોમાલ નથી, ને અમે શું ખાદ ખાઇએ? લેવા હોયતો લ્યો નહિતો આ તમારૂં સોનું એમ કહી આપવા હાથ લાંબો કર્યો પણ મનમાં કપટ તેથી આપ્યું નહિ. હા ના કરી છેવટે બાવીશ રૂપિયા આપ્યા. તેલઇ ઠાકોર મનમાં સોની લોકો ચોર હોયછે તેમનો વિશ્વાસ કરવો નહિ, એમ બકતો બકતો ચાલ્યો ગયો, આ ઉપરથી સાફ માલમ પડે છે કે, સોની લોકો એવા હોયછે કે પોતાની માનું અથવા બેનનું ઘરાણું કરવાનું હોય, તેમાંથી, થોડુંનો કાઢ્યા વિના તેમને જપ વળેજ નહિ. અને તેઓ બીજાના આપેલા માલમાં સેળભેળ કરી કે; તેમાં બીજી મેળવણી કે બીજા કાવતરાં કરીને, ઘરાકને છેતરે છે. આવા માણસોનો વિશ્વાસ કરવો નહિ. સોની ને માટે તો એટલે સુધી કહેવાય છે. કે તે સગી બેનનું પણ છોડે નહિ તેના હાથમાં કોઇનો દાગીનો કરવાનું આવ્યું એટલે તે મજુરી ઉપર આધાર રાખી, બનાવી આપશે એવી આશા તો રખાય જ નહિ. તેનું ચાલે ત્યાંસુધી માલમાંથી ચોખા ભાર પણ ખાવાનો પ્રયત્ન કરશે. ઘરાક સામો બેઠો હોય તો પણ તેને વાતમાં નાંખી, આમતેમ ગપાટા સપાટા મારી

ને, પોતાનું ધાર્યું તે કરી શકે છે. તેની પાસે કાટલાંમાં પણ સેજ ફેર હોય છે. લેતાં કે પાછું આપતાં નાના મોટા વાલથી ત્રણ ચાર વાલની જણસમાંથી ચોખાભાર પણ ફેર કરી શકેછે.આ તેમની કળા અજાણ્યાથી કળી શકાતી નથી. સામો તો એમજ જાણે કે જેટલું આપ્યું તેટલુંજ આપણને મળ્યું. આ બધા કરતાં સોનું ગાળતી વખત તેમની તપાસ રાખવાની ઘણી જરૂર છે, ગમે તેવો માણસ સામો બેઠો હોય, પણ ગાળતાં તે પોતાનું ધાર્યું કરી શકે છે. આમાં તેમની ઘણી ચતુરાઇ છે, કે તેમાં જેટલું કંઇ નરસું નાંખે તેટલુંજ ઘણું કરીને અંદરથી લેઇ લે છે. તેમ કરતાં ભૂલ્યો ને વધતું ઓછું થઇ જાય, તો તેને કહેવાની ઘણી બારીઓ હોયછે.

એક વખત એક માણસ સાત તોલા સોનું ખરીદી સોનીને ઘેર ચીપો કરાવવા સારૂ ગયો હતો. તે સોનીને બે છોકરા હતા, તે છોકરાઓ સોનું લઇને ગાળવા બેઠા. અને તે છોકરાઓનો બાપ આ ઘરાકની સાથે વાતો કરવા લાગ્યો તે ઘરાકની સાથે એક ખરો ટોસો હતો, તે છોકરાની સામે જોતો જોતો બેસી રહ્યો હતો. તે છોકરાંઓએ આ માણસોના સામું જોયું. બધાને વાતોમાં દેખી ગાળતાં ગાળતાંમાં પાએક તોલો સોનું કાઢી લઇ, રખીયામાં

દાટી દીધું, તે લઇ, ગજવામાં મુકવા વાસ્તે પગ ઉભા કરી ખંજોળવા બેઠો, ખંજોળતાં ખંજોળતાં તે લઇને પોતાના ગજવામાં મુક્યું. આ પ્રમાણે બીજું થોડું લઇને ગાળેલા સોનાનું તોલ કર્યું. અને ઘરાકને કહ્યું કે આ તોલ તો સાડા છ તોલામાંથી બે વાલ ઓછું છે. હવે કાલે તમારી ચીપો કાઢીને તૈયાર કરી મુકીશું. આ કાવતરૂં તે છોકરાઓએ કર્યું. તે, તે ડોસા સિવાય બીજું કોઇ પણ જાણતું નહોતું. હવે સવળાએ દુકાનમાંથી ઉઠી ચાલવા માંડ્યું. તેમાં પહેલો બાંધેલો ડોસો નિકળ્યો, અને બારણા આગળ આવીને ઉભો રહ્યો. સો નિકળી રહ્યા પછી પેલો છોકરો નિકળ્યો. નિકળ્યો કે તરતજ ડોસાએ તે છોકરાનું ગજવું ઝાલ્યું. તેથી છોકરાનો બાપ આવ્યો અને પુછ્યું, તો ડોસાએ જવાબ દીધો, બાપા આંધળા હતા પણ કાકા! હું તો દેખતો છુ તો, ગજવામાં સોનું ઘાલ્યુ છે તે આપનો માલ નથી. પછી સોનીએ વિચાર કર્યો કે વધારે ગડબડ થશે તો ફજેત થશે એમ ધારી ડોસાને ચાર રૂપિયા આપવા માંડ્યા, પણ ડોસાએ તે લેવાની આનાકાની કરી ત્યારે છેવટે પાંચ રૂપિયા ,અને છોકરાના હાથની રૂપાની વિંટી આપી એટલે તરતજ ડોસાએ છોકરાનો હાથ છોડી દીધો આ દાખલો કલ્પિત છે. પણ આ ઉપરથી સાફ મા ,

લમ પડે છે કે સોની લોકો ઘડતી વખત અથવા ગાળની વખત ઘરાકને વાતો, સંભળાવી પોતાનું કામ કેવી રીતે કાઢી લેછે તે આ દાખલા ઉપરથી સાફ જણાયછે. આમ અહિયાં ફરતાં ફરતાં બારેક વાગી ગયા તેથી બંન્ને મિત્રો ઉતાવળથી ઘર તરફ કુચ કરી, આવી પહોંચ્યાં સુંદરદાસ પોતાના મિત્રને ઘેર ચાર પાંચ દિવસ રહ્યો નહિ એટલામાં પોતાને ઘેર જવાનો વિચાર કર્યો. કારણકે પોતે જાણતો હતો કે મિત્રને ત્યાં જેટલા દિવસ કામ હોય તેટલાજ દિવસ રહેવું. પરંતુ વધારે દિવસ રહેવું નહિ કહેવત છે કે, "પહેલે દહાડે પરોણો, બીજે દહાડે પ, ત્રીજે દિવસે રહે તેની અક્કલ ગઇ." સુંદરદાસ આ બાબતમાં પ્રવિણ હતો તેને કંઇ કહેવાજેવું નહોતું તેથી પોતે એકદમ પોતાના મિત્રની ચાલ સારી થઇ કે તરતજ જવાનો નિશ્ચય કર્યો.

સમાપ્ત.